RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 93* Date: 30.01.2021 Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

### બજેટ સત્ર શરૂ: રાષ્ટ્રપતિએ અભિભાષણ કર્યું, કોંગ્રેસ સહિત વિપક્ષે કર્યો બહિષ્કાર

# લાલ કિલ્લાની ઘટના દુર્ભાગ્યપૂર્ણ, કૃષિ કાનુન ખેડૂતોના ફાયદામાં: રાષ્ટ્રપતિ



### વ્યાપક વિચારણા બાદ કાયદા પાસ થયા, નાના અને સીમાંત ખેડૂતો પણ સરકારની પ્રાથમિકતા, તિરંગા અને ગણતંત્ર દિવસનું અપમાન ખુબ દુર્ભાગ્યપૂર્ણ

*ન્યુ દિલ્હી,તા.૨૯*

આજથી સંસદના બજેટ સત્રની શરૂઆત થઈ. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી આ સત્રની શરૂઆત થઈ. પોતાના અભિભાષણમાં રાષ્ટ્રપતિએ સરકારની ઉપલબ્ધિઓ ગણાવી. આ ઉપરાંત તેમણે નવા કૃષિ કાયદા, ગણતંત્ર દિવસે ખેડૂતોની ટ્રેક્ટર રેલી દરમિયાન ફેલાયેલી અરાજકતાનો પણ ઉલ્લેખ કર્યો.

બજેટ સત્રની શરૂઆત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના અભિભાષણથી થઈ. અભિભાષણની શરૂઆતમાં રાષ્ટ્રપતિએ કોરોના મહામારીના સમયમાં થઈ રહેલા આ સત્રને મહત્વપૂર્ણ ગણાવ્યું. તેમણે કહ્યું કે નવા દાયકા અને નવા વર્ષનું પહેલું સત્ર છે. આ સાથે આપણે ભારતની આઝાદીના ૭૫માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છીએ. તેમણે કહ્યું કે પડકાર ગમે તેટલો મોટો કેમ ન હોય, અમે ઝૂકીશું નહી.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે મહામારી વિરુદ્ધની આ લડતમાં આપણે અનેક દેશવાસીઓને અકાળે ગુમાવ્યા પણ છે. આપણા બધાના પ્રિય અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનું નિધન પણ કોરોના કાળમાં થયું. સંસદના ૬ સભ્ય પણ કોરોનાના કારણે કસમયે આપણને છોડીને જતા રહ્યા. હું તમામ પ્રત્યે વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરું છું. તેમણે વધુમાં કહ્યું કે સરકારે લગભગ ૩૧ હજાર કરોડ રૂપિયા ગરીબ મહિલાઓના જનધન ખાતામાં સીધા ટ્રાન્સફર કર્યા. દેશભરમાં ઉજ્જવલા યોજનાના લાભાર્થી ગરીબ મહિલાઓને ૧૪ કરોડથી વધુ મફત ગેસ સિલિન્ડર પણ મળ્યા.

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે આપણા માટે ગર્વની વાત છે કે આજે ભારત દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન ચલાવી રહ્યું છે. આ પ્રોગ્રામની બે રસી ભારતમાં જ નિર્મિત છે. સંકટના આ સમયમાં ભારતે માનવતા પ્રત્યે પોતાની જવાબદારીનું નિર્વહન કરતા અનેક દેશોને કોરોના રસીના લાખો ડોઝ ઉપલબ્ધ કરાવ્યા છે.

તેમણે કહ્યું કે તાજેતરમાં તિરંગા અને ગણતંત્ર દિવસ જેવા પવિત્ર દિવસનું અપમાન ખુબ દુર્ભાગ્યપૂર્ણ છે. જે બંધારણ આપણને અભિવ્યક્તિની આઝાદીનો અધિકાર આપે છે, તે બંધારણ આપણને શિખવાડે છે કે કાયદો અને નિયમનું પણ એટલી જ ગંભીરતાથી પાલન કરવું જોઈએ. રાષ્ટ્રપતિએ કહ્યું કે ખેડૂતોના હિતો માટે સરકાર ગંભીર છે. મારી સરકારે સ્વામીનાથન આયોગની ભલામણોને લાગુ કરતા ખર્ચથી દોઢ ગણું MSP આપવાનો નિર્ણય લીધો હતો. મારી સરકાર આજે MSP પર રેકોર્ડ માત્રામાં ખરીદી કરી રહી છે અને ખરીદ કેન્દ્રોની સંખ્યા પણ વધારી રહી છે. તેમણે કહ્યું કે સરકારે છેલ્લા ૬ વર્ષમાં બીજથી લઈને બજાર સુધી દરેક વ્યવસ્થામાં સકારાત્મક પરિવર્તનનો પ્રયાસ કર્યો છે. જેથી કરીને ભારતીય કૃષિ આધુનિક પણ બને અને કૃષિનો વિસ્તાર પણ થાય. આત્મનિર્ભર ભારત અભિયાન ભારતમાં નિર્માણ સુધી જ સિમિત નથી પરંતુ તે ભારતના દરેક નાગરિકના જીવનસ્તરને ઉપર ઉઠાવવા અને દેશના આત્મવિશ્વાસને વધારવાનું પણ અભિયાન છે.

૨૦૧૩-૧૪માં જ્યાં ૪૨ લાખ હેક્ટર જમીનમાં જ માઈક્રો-ઈરિગેશનની સુવિધા હતી ત્યાં આજે ૫૬ લાખ હેક્ટરથી વધુ વધારાની જમીનને માઈક્રો ઈરિગેશન સાથે જોડવામાં આવી છે. આ સમયગાળામાં શાકભાજી અને ફળોનું ઉત્પાદન પણ ૨૧૫ મિલિયન ટનથી વધીને હવે ૩૨૦ મિલિયન ટન સુધી પહોંચી ગયું છે. આ માટે હું દેશના ખેડૂતોને અભિનંદન આપું છું. રાષ્ટ્રપતિએ કહ્યું કે મારી સરકારની પ્રાથમિકતાઓમાં આ નાના અને સીમાંત ખેડૂતો પણ છે. આવા ખેડૂતોના નાના નાના ખર્ચાને મદદ કરવા માટે પીએમ કિસાન સન્માન નિધિ દ્વારા તેમના ખાતામાં લગભગ ૧,૧૩,૦૦૦ કરોડથી વધુ રૂપિયા સીધા ટ્રાન્સફર કરાયા છે. સમયની માગણી છે કે કૃષિ ક્ષેત્ર આપણા જે નાના અને સીમાંત ખેડૂતો છે, જેમની પાસે ફક્ત એક કે બે હેક્ટર જમીન હોય છે તેમના પર વિશેષ ધ્યાન આપવામાં આવે. દેશના તમામ ખેડૂતોમાંથી ૮૦ ટકાથી વધુ આવા નાના ખેડૂતો જ છે અને તેમની સંખ્યા ૧૦ કરોડથી પણ વધુ છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે કહ્યું કે પાક વીમા યોજનાનો લાભ પણ દેશના નાના ખેડૂતોને થયો છે. આ યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં ખેડૂતોને ૧૭ હજાર કરોડ રૂપિયા પ્રીમીયમ તરીકે લગભગ ૯૦ હજાર કરોડ રૂપિયાની રકમ વળતર તરીકે મળી છે. પરંપરા મુજબ, પ્રથમ દિવસે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદનું ભાષણ થયું હતું, જોકે ૧૯ જેટલા પક્ષોએ આ સ્પીચનો બોયકોટ કર્યો છે. એમાં કોંગ્રેસ, તૃણમૂલ કોંગ્રેસ, શિવસેના, અકાલી દળ જેવી મોટી પાર્ટીઓ સામેલ છે. તેમનું કહેવું છે કે ગત સેશનમાં કેન્દ્ર સરકારે જે ત્રણ કૃષિ કાયદાઓને પાસ કર્યા એ યોગ્ય નથી.

### બજેટ પહેલાં નાણાંમંત્રી સીતારમણે સંસદમાં આર્થિક સમીક્ષા રજૂ કરી

# અર્થતંત્ર ઝડપથી સુધારશે, ૨૦૨૧-૨૨માં ૧૧.૫ ટકા વૃદ્ધિનું અનુમાન

*યુ દિલ્હી,તા.૨૯*

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણએ શુક્રવારે સંસદમાં આર્થિક સમીક્ષા રજૂ કરી. ૧ ફેબ્રુઆરીના રોજ રજૂ થનારા સામાન્ય બજેટ પહેલા સંસદના માળખા પર રાખવામાં આવેલી સમીક્ષામાં અર્થવ્યવસ્થાની સ્થિતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે. મુખ્ય આર્થિક સલાહકાર કૃષ્ણમૂર્તિ વેંકટ સુબ્રમણ્યમની અધ્યક્ષતાવાળી ટીમે ૨૦૨૦-૨૧ માટે આર્થિક સમીક્ષા તૈયાર કરી છે.

આમાં, અર્થવ્યવસ્થાના વિવિધ ક્ષેત્રો વિશે માહિતી આપવાની સાથે, આર્થિક વિકાસને વેગ આપવા માટે વધુ સુધારા માટે સૂચનો કરવામાં આવ્યા છે. તેમાં જણાવ્યું છે કે, કોરોના વાયરસ મહામારી અને તેના નિવારણ માટે લાદવામાં આવેલા 'લોકડાઉન'થી પ્રભાવિત અર્થવ્યવસ્થામાં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં ઝડપથી પુનઃપ્રાપ્તિની અપેક્ષા છે. ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં આર્થિક વિકાસ દર ૨૩.૯ ટકા, જ્યારે બીજા ત્રિમાસિક ગાળામાં ૭.૫ ટકાનો ઘટાડો આવ્યો છે. સમગ્ર નાણાકીય વર્ષમાં ૭.૭ ટકાના ઘટાડાનું અનુમાન છે. આગામી નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં જીડીપી (જીડીપી)નો વૃદ્ધિ દર ૧૧ ટકા હોવાનો અંદાજ છે.

ઈકોનોમી સર્વેમાં ઈકોનોમીમાં V-shaped રિકવરીનો અંદાજ છે. આમાં, અર્થવ્યવસ્થા જેટલી ઝડપથી ડાઉન થાય છે, તેટલી ઝડપથી ઉપર જાય છે. સરકારી પ્રોત્સાહનો અને નીતિઓને કારણે માંગ ઝડપથી વધી જાય છે. ઈનકમ અને આઉટપુટ વધે છે, માંગ વધે છે અને લોકો વધુ ખર્ચ કરે છે. કંપનીઓ તેમની ક્ષમતામાં વધારો કરે છે અને વધુ લોકોને રોજગારી આપે છે.



સર્વેમાં કહેવામાં આવ્યું છે કે હેલ્થકેર પર સરકારી ખર્ચને જીડીપીના ૨.૫થી ૩% સુધી વધારવો જોઈએ. આ ૨૦૧૭ની નેશનલ હેલ્થ પોલિસીમાં પણ આ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આ છતાં એ હજી પણ ૧%ની આસપાસ છે. ઈન્ટરનેટ કનેક્ટિવિટી અને આરોગ્ય માળખાના ખર્ચમાં વધારો થવો જોઈએ. ટેલિમેડિસિનને પણ પ્રોત્સાહન આપવાની જરૂર છે.

આ સર્વેમાં આર્થિક વિકાસદરને વેગ આપવા માટે અપનાવવામાં આવેલા પગલાંનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે અત્યારે ભારત તે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા ધરાવે છે. જો તેને ત્રીજા સ્થાને પહોંચવું હોય તો નવીનીકરણ પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે.

કોરોનાને કારણે વૈશ્વિક અર્થતંત્રમાં પણ આ વર્ષે ૪.૪%નો ઘટાડો રહેશે. આ એક સદીનો સૌથી મોટો ઘટાડો હશે. સર્વે મુજબ વિકસિત દેશોની અર્થવ્યવસ્થાને કોરોનાને કારણે વધુ નુકસાન થયું છે.

### પોલીસનો લાઠીચાર્જ-ટીયર ગેસ છોડ્યાં

# દિલ્હી-હરિયાણા બોર્ડર પર આંદોલનકારી ખેડૂતો અને સ્થાનિકો વચ્ચે હિંસક અથડામણ

*ન્યુ દિલ્હી,તા.૨૯*

દિલ્હીની સિંઘુ બૉર્ડર પર જોરદાર બબાલ ચાલું થઈ છે. અહીં પર ખેડૂત પ્રદર્શનકારીઓ અને સ્થાનિક પ્રદર્શનકારીઓની વચ્ચે પથ્થરમારો થયો છે. સાથે જ બંને જૂથોની વચ્ચે ઘર્ષણ થયું છે. બબાલની વચ્ચે રહેલી પોલીસે પણ પ્રદર્શન કરી રહેલા લોકો પર લાઠીચાર્જ કર્યો છે. શુક્રવારની સવારે જ દિલ્હી ની સિંઘુ બૉર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા હતા. અહીં "તિરંગે કા અપમાન, નહી સહેગા હિન્દુસ્તાન"ના નારા લાગ્યા અને તરત હાઈવે ખાલી કરવાની માંગ કરી છે. બંનં ટોળા વચ્ચે ચાલી રહેલા પથ્થરમારા અને સંઘર્ષ વચ્ચે પોલીસે પણ લાઠીચાર્જ કર્યો છે અને પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયત્ન કર્યો છે. જો કે આ બબાલની વચ્ચે અનેક લોકો ઘાયલ થયા છે અને પોલીસ કર્મચારીઓને પણ ઈજા થઈ હોવાના સમાચાર છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારના સવારે જ દિલ્હી સિંઘુ બૉર્ડર પર મોટી સંખ્યામાં લોકો ખેડૂત પ્રદર્શનકારીઓની વિરુદ્ધ પ્રદર્શન કરવા આવ્યા હતા. ગુરૂવારના સ્થાનિક લોકોએ સિંઘુ બૉર્ડર પર ધરણાની વિરુદ્ધ પ્રદર્શન કર્યું હતુ. આ લોકોએ ખુદને હિંદુ સેનાના ગણાવ્યા હતા અને કહ્યું હતુ કે લાલ કિલ્લા પર તિરંગાનું અપમાન થયું છે એ સહન નહીં કરવામાં આવે.

સિંઘુ બૉર્ડર પર પોલીસે બંને ટોલા વચ્ચે થઈ રહેલા ઘર્ષણને રોકવા માટે લાઠીચાર્જ કર્યો છે અને ટીયર ગેસના સેલ છોડ્યા છે. અહીં તલવાર અને અન્ય હથિયારો તેમજ પથ્થરોથી હુમલો થયો છે. સિંઘુ બૉર્ડર પર ગુસ્સે ભરાયેલા ગ્રામીણોની ભીડને નિયંત્રિત કરવામાં પોલીસ લાગી છે અને લાઠી ચાર્જ તેમજ ટીયર ગેસનો ઉપયોગ કર્યો છે. ઉલ્લેખનીય છે કે પોલીસે ગ્રામીણોને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેઓ માન્યા નહીં. પોલીસે ગ્રામીણો પર જોરદાર લાઠીચાર્જ શરૂ કરી દીધો, આંસૂ ગેસના ગોળા પણ છોડવામાં આવી રહ્યા છે. પોલીસ પર તલવારથી હુમલો કરવામાં આવ્યો જેમાં ૧ પોલીસ જવાન ઘાયલ થયો છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**કોરોના નવા કેસની સંખ્યા:૩૩૫**
**રાજ્યમાં કુલ કેસનો આંકડો**
**પહોંચ્યો : ૨૬૦૯૦૧**
**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં**
**લોકોનાં મૃત્યુ: ૦૧**
**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા**
**દર્દીઓની સંખ્યા :૪૬૩**
**ગુજરાતમાં સાજા થયેલા કુલ**
**દર્દીઓની સંખ્યા : ૨૫૨૯૨૭**

### ભારતની કોરોના રસી વિશ્વની સૌથી શ્રેષ્ઠ સંપત્તિ: ગુટેરેસ

# ભારતની કોરોના રસીની ઉત્પાદન ક્ષમતા વિશ્વમાં શ્રેષ્ઠ: યુએન સેક્રેટરી

ન્યૂયોર્ક,તા.૨૯

યુનોના મહામંત્રી એન્ટોનિયો ગુતારેસે ભારતની કોરોના રસીની ઉત્પાદન ક્ષમતાને બિરદાવી હતી અને કહ્યું હતું કે ભારતની કોરોના રસી વિશ્વની સૌથી શ્રેષ્ઠ સંપત્તિ હતી.

તેમણે કહ્યું કે સમગ્ર વિશ્વ આ રસીનો ભરપુર ઉપયોગ કરશે એવી મને આશા છે. 'કોરોનાની રસીની બાબતમાં ભારત મહત્ત્વનું પ્રદાન કરશે એવી મને આશા છે. ભારત પાસે બધી જાતની સાધનસામગ્રી છે અને દુનિયાભરમાં રસીકરણના કાર્યમાં ભારતની ભૂમિકા મહત્ત્વની બની રહેશે. ભારતના પ્રયાસોથી વૈશ્વિક રસીકરણનો કાર્યક્રમ સફળ થશે.' ભારતે પાડોશી દેશોને રસીના લાખો ડૉઝ આપ્યા છે એવા સમયે ગુતારેસના આ શબ્દો મહત્ત્વના બની રહે છે. પાડોશી દેશો ઉપરાંત ભારતે ઓમાન, નિકારાગુઓ, પેસિફિક આયલેન્ડ સ્ટેટ્સ અને કેરિકોમ દેશોને પણ કોરોનાની રસી આપવાનો કાર્યક્રમ બનાવ્યો છે.

ભારતમાં પૂણેની સીરમ ઈન્સ્ટીટ્યુટ અને ભારત બાયોટેકે વિરાટ પાયા પર કોરોનાની રસી બનાવવાનો મહત્ત્વાકાંક્ષી કાર્યક્રમ અમલમાં મૂક્યો હતો. એક તરફ દેશમાં વિવિધ રાજ્યોમાં રસીકરણનો કાર્યક્રમ ચાલી રહ્યો છે ત્યારે બીજી બાજુ પાડોશી દેશો અને અન્ય રાષ્ટ્રોને પણ કોરોનાની રસી આપવાનો કાર્યક્રમ ભારતે ઘડ્યો હતો. યુનોએ આ માનવતાવાદી કાર્યક્રમની નોંધ લીધી હતી અને યુનોના મહામંત્રી એન્ટોનિયો ગુતારેસે આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી.

દરમિયાન, કેન્દ્રના વિદેશ ખાતાના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે ગુરૂવારે કહ્યું હતું કે ભારત આફ્રિકાને કોરોના વેક્સિનના એક કરોડ ડૉઝ આપવાની તૈયારી કરી રહ્યું હતું. આ ઉપરાંત યુનોના હેલ્થ વર્કર્સને પણ ભારત કોરોનાની રસીના દસ લાખ ડૉઝ આપશે. આમ અન્ય મતભેદો ભૂલીને ભારત અત્યારે જરૂરિયાતવાળા દેશોને કોરોનાની રસી આપી રહ્યું હતું.

યુએન જનરલ સેક્રેટરી એન્ટોનિયો ગુટેરેસે ન્યૂયોર્કમાં વેક્સિનેશન કરાવ્યુ હતું. યુએન ચીફ બ્રાક્સના વેક્સિન સેન્ટર પહોંચીને ત્યાં મીડિયાની સામે વેક્સિન મુકાવી હતી. બાદમાં તેમણે કહ્યું કે, હું ભાગ્યશાળી છું અને તે લોકોનો આભાર વ્યક્ત કરવા માંગુ છું જેમણે મને વેક્સિનેશન કરાવ્યું. આ મહામારીમાં કોઈ પણ વ્યક્તિ ત્યાં સુધી સુરક્ષિત નથી, જ્યાં સુધી આપણે બધા જ મહામારી સામે રક્ષણ નહીં મેળવીએ.

# સામાજિક કાર્યકર અન્ના હઝારે આજથી આમરણ ઉપવાસ શરુ કરશે

રાલેગણ સિદ્ધિ,તા.૨૯

ભારતીય લશ્કરના નિવૃત્ત સૈનિક અને સામાજિક કાર્યકર અન્ના હજારે રાષ્ટ્રપિતા ગાંધીજીની પુણ્યતિથિ એટલે કે ૩૦ જાન્યુઆરી શનિવારથી આમરણ ઉપવાસ પર ઊતરશે. હાલ ચાલી રહેલા ખેડૂત આંદોલનના ટેકામાં અન્નાએ કહ્યું કે ખેડૂતો માટે રચાયેલા સ્વામીનાથન પંચના રિપોર્ટનો અમલ કરવા માટે હું સતત ૨૦૧૮થી કેન્દ્ર સરકારને વિનંતી કરતો રહ્યો છું. પરંતુ મારી વિનંતી એળે ગઈ હોય એવું આ ખેડૂત આંદોલન પરથી લાગે છે.

હાલ આંદોલન કરી રહેલા ખેડૂતોના ટેકામાં અન્નાએ શનિવાર ૩૦ જાન્યુઆરીથી આમરણ ઉપવાસ પર ઊતરવાની ધમકી આપી હતી. અન્નાના વતન રાલેગણ સિદ્ધિ ગામના યાદવબાબા મંદિરમાં અન્ના ઉપવાસ પર ઊતરશે. જો કે કેન્દ્રના ખેતીવાડી ખાતાના રાજ્ય પ્રધાન કૈલાસ ચૌધરી આજે રાલેગણ સિદ્ધિ પહોંચી રહ્યા હતા. અત્યાર અગાઉ મહારાષ્ટ્ર વિધાનસભાના ભૂતપૂર્વ સ્પીકર હરિભાઉ બાગડે, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડનવીસ, ભાજપના નેતા રાધાકૃષ્ણ વિખે પાટિલ, અહમદનગરના સાંસદ સુજય વિખે પાટિલ વગેરે નેતાઓ રાલેગણ સિદ્ધિની મુલાકાતે ગયા હતા અને અન્નાને સમજાવવાના પ્રયાસ કર્યા હતા પરંતુ એનું કોઇ અનુકૂળ પરિણામ આવ્યું નહોતું.

# તંત્રી સ્થાનેથી...

## ભટીન્ડા-બિકાનેર ટ્રેનનું નામ કેન્સર ટ્રેન કેમ પડી ગયુ.....?

આપણા રાષ્ટ્રપતિ કોવિદજીએ ખેડૂતોને પુનઃ પ્રાકૃતિક ખેતી તરફ વળવા આહ્વાન કર્યુ છે. કારણ કેમિકલયુક્ત ખાતરો અને વિવિધ દવાઓથી ખેતી જમીનને નુકસાન થઈ રહ્યું છે તે ઘણુજ ભયાનક છે. એક સમયની ફળદ્રુપ જમીન કેમિકલ ખાતરો અને દવાના કારણે ધીરી ગતિએ ફળદ્રુપતા ગુમાવતી રહી છે એટલે કૃષિ ઉત્પાદન પણ ઘટતું જાય છે.... આખરે જમીન બંજર બની જાય છે ત્યારે ખેડૂતોએ હવે વધુ અને સારું ઉત્પાદન મેળવવા કુદરતી ખાતરનો ઉપયોગ કરવો જરૂરી બન્યો છે. ત્યારે નિષ્ણાતોના અભ્યાસ અનુસાર દેશભરમાં કૃષિ ઉત્પાદન વધારવા માટે "પેસ્ટિસાઈઝડ" કેમિકલનો ઉપયોગ કરવામાં આવે છે પરંતુ દેશ ભરમા વપરાતા પેસ્ટિસાઈઝડના વપરાશનો ૩૦% વપરાશ માત્ર પંજાબ રાજ્યમાં જ થાય છે. તેના પરિણામે ત્યાના ગ્રામ્ય વિસ્તારોમાં એક પણ ગામડુ એવું નથી કે જ્યાં કેન્સર ગ્રસ્ત વ્યક્તિઓ ન હોય. આ કેન્સરના ઇલાજ માટે ભટીન્ડાથી ઉપડતી બિકાનેર ટ્રેનનું નામ ઘણા સમયથી કેન્સર ટ્રેન નામ પડી ગયું છે. ત્યા રેલવે સ્ટેશન ઉપર પણ બિકાનેર જનાર પ્રવાસી પૂછે છે કે કેન્સર ટ્રેન ક્યારે ઉપડશે અને સ્ટેશન કર્મચારીઓ પણ ભટીન્ડા- બિકાનેર ટ્રેનને કેન્સર ટ્રેન કહે છે.પેસ્ટીસાઈઝ્ડ કેમિકલનો વધુ પ્રમાણમાં ઉપયોગ એટલે કે છંટકાવ કરે છે તે વ્યક્તિજ મોટા ભાગે કેન્સરનો દર્દી બની જાય છે. આ પેસ્ટીસાઈઝ્ડ ખેતી ઉત્પાદનો વધુ થાય તે માટે વાપરવામાં આવે છે. જે સાચા અર્થમાં ખતરનાક કૃષિ દવા છે ભટીન્ડાના ખેતીવાડીને લગતા બિયારણ, દવા વગેરે વેચનાર વેપારીઓ પણ ખેડૂતોને સમજાવે છે તે પેસ્ટીસાઈઝ્ડનો ઓછો ઉપયોગ કરો તે લોકો માટે તો ખતરારૂપ છે. તથા આ કેમીકલ છાટનિર માટે પણ ખતરનાક છે. ગુજરાતમાં પણ આ કૃષિ દવાનો ઉપયોગ ખેડૂતો કરે છે પણ તેનું પ્રમાણ યોગ્ય માત્રા માં કરે છે. આમ છતાં ગામડાની હવા પાણી પણ પ્રદૂષિત બન્યા છે.....!

પેસ્ટીસાઈઝ્ડ કેમિકલના ઉપયોગને કારણે હાઇ બી.પી, ડાયાબિટીસ,ફેફસાને લગતા સહિતના વિવિધ રોગ થાય છે જે એક હકીકત છે.... જે તે રાજ્યની સરકારો કે કેન્દ્ર સરકારે આ કૃષિ દવા બાબતે નીતિ નક્કી કરવી અતિ જરૂરી છે જે હજુ સુધી કરી નથી. પરિણામે ભવિષ્યે દેશભરમાં કેન્સરના દર્દીઓ વધી જવાની શંકા વ્યક્ત કરે છે.આ કેમિકલના નિષ્ણાતો પણ એવી શંકા વ્યકત કરી રહ્યા છે કે આ દવાનો ઉપયોગ કરનાર વ્યક્તિ ગંભીર પ્રકારના રોગનો ભોગ બને છે તો □દયરોગ,ફેફસાના રોગો, ડાયાબીટીસ સહિતના રોગો આવા વિસ્તારમાં ફરી વળે છે. ત્યારે હવે ખેડૂતોએ જાગૃત થવાની જરૂર છે અને પ્રાકૃતિક ખેતી કરવી જોઈએ. શાકભાજીના રંગ ચડાવવા અને તાજા રાખવા માટે તેમ જ ઝડપથી પકાવવા માટે પણ કેમિકલ વપરાય છે તેના કારણે પણ આવા રોગો થવા ઉપરાંત પાચન શક્તિને મંદ પાડે છે,સ્વાદ શક્તિ ઘટાડે છે. શાકભાજીનો ઉપયોગ કરનારે કાચા શાકભાજી મીઠા યુક્ત પાણીમાં અડધો કલાક પલાળી રાખ્યા બાદ ત્રણ થી ચાર પાણીથી ધોવા જોઈએ તો ફલાવર, કોબી, પાંદડા યુક્ત ભાજીઓ મીઠાવાળા નવશેકા પાણીમાં ૧૫ મિનિટ રાખીને પછીથી ચોખ્ખા પાણી ધોઈને ઉપયોગમાં લેવા જરૂરી છે.ત્યારે સવાલ એ ઉઠે છે કે આધુનિક સમયમાં વધુ કૃષિ ઉત્પાદન મેળવવા,કૃષિ જમીનોની ફળદ્રૂપતા જાળવી રાખવા સાથે ખેડૂતો પોતાનુ,પરિવારનુ અને લોકોનું સ્વાસ્થ્ય જાળવી રાખવા પ્રાકૃતિક ખેતી તરફ વળશે કે કેમ.....?



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને કોંગ્રેસ સાંસદોએ સંસદ પરિસરમાં ગાંધી પ્રતિમાની સામે કૃષિ કાયદા વિરુદ્ધ પ્રદર્શન કર્યું.

## ભારતના ભવિષ્ય માટે આ દાયકો ખુબ જ મહત્વનો છેઃ મોદી

ન્યુ દિલ્હી,તા.૨૯

આજે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના સંબોધનથી બજેટ સત્રની શરૂઆત થઇ છે. આ પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદ પરિસરમાં મીડિયાને સંબોધિત કર્યું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આ દાયકાનું પહેલું સત્ર આજથી શરૂ થઇ રહ્યું છે. ભારતના ઉજવણ ભવિષ્ય માટે આ દાયકો ખૂબ જ મહત્વપૂર્ણ છે અને આથી પ્રારંભથી જ આઝાદીના દીવાનાઓએ જે સપનાં જોયાં હતાં તે સપનાઓને પૂરા કરવા માટે રાષ્ટ્ર સામે એક સોનેરી તક છે.

પીએમ મોદીએ કહ્યું કે, આવું ભારતના ઈતિહાસમાં પહેલી વાર બન્યુ કે ૨૦૨૦માં એક નહીં, પરંતુ નાણામંત્રીને જુદા-જુદા પેકેજ સ્વરૂપે એક પ્રકારના ચાર-પાંચ મિની બજેટ આપવા પડ્યાં. એટલે કે, ૨૦૨૦માં એક પ્રકારે મિની બજેટનો સિલસિલો ચાલુ રહ્યો. આથી આ બજેટ પણ તે ચાર બજેટોની શ્રૃંખલામાં જોવામાં આવશે. મને પૂરો વિશ્વાસ છે.

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટક એલએન્ડટી કંપનીને મળ્યો

*ન્યુ દિલ્હી,તા. ૨૯*

કન્ટ્રક્શન અને એન્જીનિયરિંગ કંપનીએ શુક્રવારે કહ્યું કે તેમને મુંબઈ- અમદાવાદ હાઈ સ્પિડ રેલ કોરિડોર પરિયોજના માટે ૨૫૦૦૦ કરોડ રૂપિયાનો એક કોન્ટ્રાક્ટ મળ્યો છે. જોકે કંપનીએ કોન્ટ્રાક્ટની માહિતી આપી નથી. પરતુ તેમણે તેને મહત્વપૂર્ણ શ્રેણીનો કોન્ટ્રાક્ટ ગણાવ્યો છે. આ શ્રેણીના કોન્ટ્રાક્ટ એક હજાર કરોડથી લઈને ૨૫૦૦૦ કરોડ સુધીના હોય છે. કંપનીએ શેર બજારને જણાવ્યું, એલએન્ડટી કંસ્ટ્રક્શન હેવી સિવિલિયન ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનસે આ કોન્ટ્રાક્ટ હેઠળ તેમને ૨૮ પુલની ખરિદી, નિર્માણ, સંયોજન, પેન્ટ અને પરિવહનનું કામ મળ્યું છે. કંપનીએ કહ્યું કે, તેમણે જાપાનની IHI Infrastructure Systems (IIS)ની સાથે કન્સોર્ટિયમના માધ્યમથી આ કોન્ટ્રાક્ટ પ્રાપ્ત કર્યો છે. બીએસઈ પર એલએન્ડટીનો શેર ૦.૫૬ પ્રતિશતના ઘટાડા સાથે ૧૩૩૭.૪૫ પર કારોબાર કરી રહ્યો છે. આ દેશની પહેલી બુલેટ ટ્રેન પરિયોજના છે, મુંબઈ-અમદાવાદના ૫૦૮.૧૭ કિમી લાંબા બુલેટ ટ્રેન કોરિડોરનો ૧૫૫.૭૬ કિમી ભાગ મહારાષ્ટ્રમાં, ૩૪૮.૦૪ કિમી ગુજરાતમાં અને ૪.૩કિમી દાદરા નગર હવેલીમાં છે.

## The farmers protest at Red Fort and hoisting of 'Nisan Saheb'
## WAS IT A POLITICAL CONSPIRACY?

**THOUGHT OF THE DAY**
Buddhdev Pandya 29 January 2021

A day after the celebration of India's Republic Day 2021 the people of India woke up to a noisy chattering, all focused on the event of the Red Fort, Delhi.

The media supporting the ruling political party, known as 'Godi-media' found against their favourable since the protest started few weeks ago. A group succeeded in diverting from an agreed rout for the protest march, ended in the Red Ford and few manged to climb to hoist, a religious flag below the India's traditional tricolour flag.

Entering into an area that would have been under high security given the fact that it was a Republic Day, and the farming protest was actively surrounding the Capital by a rally involving thousands of tractors.

The media was seen ducking and diving the very question as to why such a sensitive monument of importance was left with minimum security forces by the Home Affairs department? In any protest marches, it is not too difficult to epact that there would be a many fringe groups and unsocial elements, determined to break the agreed march plan and defined areas for protest.

Knowing that there would be tractors involved, the police should have been backed by appropriate security barriers and surveillance apparatus. With ease these protesters were able to entre the ground and parameter of the Red Ford and climb on to the flag mast is major cause for concern.

Such neglect goes beyond any strategic failure of the Delhi police but filled with potential for accusation that there was some scope for collusion by authorities to allow the infringement to destabilise the moral of the protesting farmers. The government has filed to resolve the dispute with the farmers demanding the repeal of the three farming laws passed without consultation during the September Parliamentary session in 2019. The farmers also wanted the government to include a special legal provision in law to provide protection for the MSP (minimum support price), safeguarding their income in line with the recommendations in the Swaminathan Commission Report.

The Modi government is in a bind since the next parliamentary session is due to start soon and a new budget is expected to be present. The farmers would be looking for what would the Finance minister Hon Nirmala Sitaram would be planning in the space of MSP provisions. The government has offered a possibility of delaying implementation of the three laws, known as bad laws by the farmers, for the next 18months.

Even that is done, many of the government ministers have categorically stated that the notion of repeal of the laws is not an option. The farmers lobby gaining international endorsements from NRI and organisations, the government needed 'something' that could demean the farmers leading the protest.

The episode of hoisting the 'Nishan Sahib', (A triangular Sikh flag in the Sikh tradition means the "holy flag" or "exalted ensign" - a symbol representing the values of the Sikh faith), on the Red Ford was seen as a very clever and cunning move to spark a huge controversy against the protesters. The government ministers have been accusing the protesters dominated by the Punjabi Sikh and influenced by Khalistanies, a group which subscribed for separate Country.

In political terms, it relates to a 'red rag in front of a bull', for the pro Modi media waiting to pounce on the protesters. Equally the fallout of public opinion against the violent invention of the red Ford by an unruly mob was well calculated to provide enough impetus to demoralise the farmers protesting all around the capital in the freezing winter cold.

The rumours were circulated that the protesting farmers were successful in bringing down the Tri Colour flag of India and replaced it with the 'Khalistanies flag'. Both were totally untrue, but genius photography was also used to show otherwise.

Fortunately, the social media is also a blessing in disguise. While the Godi Medi tried to stick to the narrative of blaming the protesting farmers leadership, many videos went viral revealing identifying one Deep Sidhu, a young actor turn political activist climbing the flagpole at the red Fort and installing the Nisan Saheb. Later Sidhu was also exposed as a leading member of the campaign team of the BJP candidate, Sunny Doel, a film actor, some of the famous film actress and BJP MP, Hema Malini. Photographs of this Sidhu with the PM Modi and Home Minister Mr Amit Shah also circulated in the social media.

According to a report in the India Today, Bhartiya Kisan Union leader Gurnam Singh Chaduni told," Deep Sidhu who led them to the Red Fort. Farmers never wanted to go to Red Fort. Reported in the Tribune said, Deep Sidhu took the main stage at the Singhu border protest site and announced that the farmers' march would be held "inside Delhi. Their report also indicate that Deep Sidhu made attempts to take a leadership role in the ongoing agitation despite active resistance from farmer leaders. In a Facebook post, Deep Sidhu has defended the planting of a "Nishan Sahib" or Sikh religious flag at the iconic monument. He claimed, "We only hoisted the Nishan Sahib at the Red Fort while exercising our democratic right to protest, India flag not removed."

During the CAA protest a young man was seen with pistol where the police were seen leisurely standing by. He was named Kapil Gujjar, who fired a gun at the demonstration against the citizenship law in Delhi's Shaheen Bagh last year. As he was being taken away, Gujjar was seen chanting ' Jai Shri Ram and said, "Humare desh me aur kisi ki nahi chalegi, sirf Hindu ki chalegi (only Hindus shall have a say in our country, no one else)." He had joined the BJP but was expelled from the BJP soon after joining the party.

Now the Doel clan have begun the exercise of distancing from Mr Sidhu, unmountable the BJP will also indulge in the same process as a 'damage limitation' exercise. Ironically, illogical and laughable suggestion is from Sri Prakash Javadekar, Minister of Information and Broadcasting in the Modi government who blamed the former leader of the Congress Party Sri Rahul Gandhi for inciting the farmers.

Imagine, if ever this Sidhu was seen with either Rahul Gandhi or any of the Congress leaders or even with any Aaam Admi party leader, the hell would have broken lose in the media.

The government supporters have been attempting to point at the protesters for its overall dominant by the Sikhs of the State of Punjab. The attempt to mark the protest as driven by the Khalistanies Separatists, most active during 80s, but largely wiped out, as leverage to weaken the protest resolved.

This seemed to have been backfired as farmers from the neighbouring states such as Haryana and other partis of Indian began to support the protest. However, the event at the Red Ford provided almost exact perception what the government supporters were hoping for! Without realising that it would virtually wipe out entire media time in favour of the Prime Minister Modi's popularity!

The questions are what forces and who were behind the mastermind of plan for breaching the agreed route for the tractors protest and hoisting of the Nishan Sahib? Why were the police not adequately prepared to provide security at the Red Fort? Some political observers with experience in incidences in Gujarat, Jamia Millia Islamia university and CAA protest are hesitant to deny that there were no political motives in provoking such incidents. ❑

Buddhdev Pandya
*feedback: buddhdev.pandya@gmail.com*

## ઘરમાંથી એક સભ્ય દિલ્હી પહોચે, નહી તો ૧૫૦૦ રૂપિયા દંડ અથવા સામાજિક બહિષ્કાર



*બઠિંડા,તા. ૨૯*

પંજાબના બઠિંડા જિલ્લાના ગામ વિર્ક ખુર્દની પંચાયતે આંદોલનકારી ખેડૂતોના સમર્થનમાં એક આશ્ચર્યજનક આદેશ કર્યો છે. એમાં કહેવામાં આવ્યું છે કે ગામના દરેક પરિવારમાંથી એક સભ્યએ દિલ્હી બોર્ડર જવું પડશે. જે પરિવાર આ આદેશ નહીં માને તેમને ૧૫૦૦ રૂપિયાનો દંડ કરાશે અથવા તેમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવશે. પંજાબની બીજી પંચાયતો પણ આવો પ્રસ્તાવ પસાર કરવાની તૈયારી કરી રહી છે.

૨૬ જાન્યુઆરીએ દિલ્હીમાં થયેલી હિંસા અને ત્યાર પછી સરકારના કડક વલણને ધ્યાનમાં રાખીને ખેડૂતો ઘરે પરત ફરી રહ્યા છે. એને કારણે આંદોલન કરતા ખેડૂતોની ચિંતા વધી ગઈ છે. આ સંજોગોમાં હવે પંચાયતોએ મોરચો સંભાળ્યો છે. ગુરુદ્વારામાંથી એવી જાહેરાત કરવાનું કહેવામાં આવ્યું છે કે દિલ્હીમાં આંદોલન હજી ચાલુ જ છે, વધુ ને વધુ લોકો દિલ્હી પહોંચો. કોઈપણ પ્રકારની અફવાઓ પર વિશ્વાસ ન રાખવો.

વિર્ક ખુર્દ પંચાયતના આદેશમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે આંદોલનમાં જનારી વ્યક્તિએ ત્યાં ઓછામાં ઓછા સાત દિવસ રહેવું પડશે. આંદોલનમાં જો કોઈના વાહનને નુકસાન થશે તો એ નુકસાન ભરપાઈ કરવાની જવાબદારી સંપૂર્ણ રીતે ગામની રહેશે. ભારતીય કિસાન યુનિયન ફરી લોકો સુધી સોશિયલ મીડિયા દ્વારા પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યું છે. તેઓ અપીલ કરી રહ્યા છે કે ગામડાંના ગુરુદ્વારાથી જાહેરાત કરીને જણાવવામાં આવે છે કે દિલ્હી બોર્ડર પર આંદોલનનું સ્ટેજ ફરી લાગી ગયું છે. બધા ફરી શાંતિથી ધરણાં કરવા બેસી ગયા છે. ટીવી પર આંદોલનકારીઓ પરત ફરી રહ્યા છે એવી ખોટી અફવા ચાલી રહી છે. હકીકત એના કરતાં સાવ ઊંધી છે કે દિલ્હીમાં બમણી ભીડ ભેગી થવા લાગી છે. દિલ્હીમાં ઈન્ટરનેટ બંધ છે, નહીં તો તમને ઘટનાસ્થળની સ્થિતિ લાઈવ કરીને બતાવી દેત.

## અમદાવાદ સહિત રાજ્યભરમાં હાડ થીજવતી ઠંડીનો ચમકારો યથાવત્

અમદાવાદ,તા.૨૯

દિવસે પણ ઠંડા પવનો સીસકારો બોલાવી દે તેવી ઠંડી ગુજરાત સહિત દેશભરમાં જોવા મળી રહી છે. અને તેનું કારણ છે પહાડો પર થઇ રહેલી બરફવર્ષા. શ્રીનગરમાં તાપમાન -૫ ડીગ્રીની નીચે ઉતરી ગયું છે.. જયારે રાજસ્થાન, મધ્યપ્રદેશ, ગુજરાત પણ શીતલહેરની ઝપેટમાં આવી ગયા છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હાડ થીજવતી ઠંડીનો ચમકારો યથાવત છે. જૂનાગઢ, કેશોદ સહિત સૌરાષ્ટ્રમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. કચ્છમાં પણ હજી બે દિવસ કોલ્ડવેવની અસર જોવા મળશે. નલિયામાં તાપમાનનો પારો ૪ ડિગ્રીએ પહોંચ્યો છે, જયારે અમદાવાદમાં ૯.૯ ડિગ્રી તાપમાન, ગાંધીનગર, ડીસા, કંડલા એરપોર્ટ પર ૮.૮ ડિગ્રી, માઉન્ટ આબુમાં પણ ઠંડીનુ જોર યથાવત રહ્યું છે. માઈનસ ૩ ડીગ્રી તાપમાનથી નક્કી લેકમાં બરફ જામ્યો છે. ગુજરાતમાં આ સીઝનમાં અત્યાર સુધીના સૌથી કોલ્ડેસ્ટ ડેનો સામનો ગુજરાતીઓ કરી રહ્યાં છે. ત્યારે ગુજરાતીઓને હજુ બે દિવસ કાતિલ ઠંડીનો સામનો કરવો પડશે. ગુજરાતમાં હજુ ૨ દિવસ સિવિયર કોલ્ડવેવની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આી છે.

રાજકોટ, ભાવનગર અને પોરબંદરમાં કોલ્ડવેવની આગાહી કરાઈ છે. ગુજરાતમાં હાડ થીજવતી ઠંડીથી લોકો રીતસરના ઠૂઠવાયા છે. હજુ આગામી બે દિવસ સુધી સૌરાષ્ટ્રના જુનાગઢ અને કેશોદમાં તેમજ કચ્છ પંથકમાં કોલ્ડવેવની અસર રહેશે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે.હવામાન ખાતાના આંકડા પ્રમાણે, ગુરૂવારે વલસાડ સિવાય રાજ્યના તમામ શહેરોમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રી કરતા નીચું નોધાયું હતુ. અત્રે નોંધનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં ઠંડી ૩૦ વર્ષનો રેકોર્ડ તોડી રહી છે. જાન્યુઆરીમાં આ વર્ષે કાશ્મીર સતત બરફની ચાદર તળે ઢંકાયેલુ રહ્યું છે. બે દિવસ પહેલાં કાશ્મીરમાં થયેલી બરફવર્ષાની અસરથી તાપમાનનો પારો સતત નીચે સરકી રહ્યો છે. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન -૫.૬ ડીગ્રી સુધી નીચે ઉતરી ગયું.

કાશ્મીરનાં પહાડી વિસ્તાર પહેલગામમાં -૧૨.૩ ડીગ્રી. અને ગુલમર્ગમાં -૧૩.૪ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. કેન્દ્રશાસિત પ્રદેશ લદ્દાખનાં મુખ્ય શહેર લેહમાં -૧૬.૮ ડીગ્રી તાપમાન, કારગીલમાં -૨૧.૩ ડીગ્રી અને દ્રાસમાં -૨૮.૧ ડીગ્રી તાપમાન નોંધાયું. જમ્મુ કાશ્મીરમાં હજુ ૩૧ જાન્યુઆરી સુધી ઠંડીથી રાહત મળવાની કોઇ શક્યતા નહીં હોવાનું હવામાન વિભાગ કહે છે કે ૩૧ જાન્યુઆરી બાદ તાપમાનનો પારો થોડો ઉપર આવી શકે છે.. પણ જમ્મુ કાશ્મીર અને લદ્દાખમાં ૨ અને ૩ ફેબ્રુઆરીએ વરસાદ અને બરફવર્ષા થવાની પણ આગાહી છે. તો હિમાચલ પ્રદેશમાં એક સપ્તાહ સુધી બરફવર્ષાથી રાહત રહેવાની છે.

## ગુજરાતમાં ટ્યૂશન ક્લાસીસ શરૂ થવાનું કાઉન્ટ ડાઉન શરૂ

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૯

કોરોના મહામારી વચ્ચે પહેલી ફેબ્રુઆરીથી રાજયમાં ક્લાસીસ શરૂ થવા જઈ રહ્યાં છે જેને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ક્લાસીસમાં સેનેટાઈઝેશનની પ્રક્રિયા શરૂ કરાઈ છે. કોરોનાની ગાઈડલાઈનના પાલન સાથે વિદ્યાર્થીઓ ને પ્રવેશ અપાશે. તેમજ શાળાની જેમ ક્લાસીસ સંચાલકો પણ વાલીઓ પાસે લેખિત સંમતિપત્ર માગવાનો ટ્યુશન ક્લાસ સંચાલકોએ નિર્ણય કર્યો છે. તો ક્લાસીસ દ્વારા એસઓપીનું ચૂસ્ત પાલન કરવામાં આવશે. પહેલી ફેબ્રુઆરીથી રાજયમાં કલાસીસ શરૂ થશે. રાજયમાં ૧લી ફેબ્રુઆરીથી ધોરણ ૯ અને ૧૧ના વર્ગોનું શિક્ષણકાર્ય કોવિડ તકેદારી સાથે શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

ગાંધીનગર ખાતે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની જાણકારી શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપી હતી અને ઉમેર્યું હતું કે, ધોરણ ૯થી ૧૨ પૂરતા ટ્યુશન ક્લાસ પણ કોવિડની તકેદારી સાથે શરૂ કરી શકાશે. તેમણે ઉમેર્યું હતું કે સ્પર્ધાત્મક પરિક્ષા માટેના કોચિંગ કલાસ પણ શરૂ કરી શકાશે. કોચિંગ કલાસીસ માટે પણ રાજ્ય સરકારે કોરોના સંક્રમણ નિયંત્રણ અંગે જાહેર કરેલી માર્ગદર્શિકા એસઓપીનું ચુસ્તપણે પાલન કરવું ફરજિયાત રહેશે. ચુડાસમાએ ઉમેર્યુ કે કોલેજ કક્ષાએ ઉચ્ચશિક્ષણ માટે પ્રથમ અને બીજા વર્ષનું શૈક્ષણિક કાર્ય પણ ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

## સ્થાનિક સ્વરાજની ચૂંટણીને માટે રાજ્ય ચૂંટણી પંચે જાહેર કરી ગાઈડલાઈન

અમદાવાદ,તા.૨૯

કોરોના સંકટ વચ્ચે ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે, ત્યારે રાજયના ચૂંટણી પંચે પણ જીવલેણ વાઈરસના સંક્રમણથી બચવા માટે કેટલીક ગાઈડલાઈનો જાહેર કરી છે. આથી કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને ચૂંટણી પંચે જાહેર કરેલી ગાઈડ લાઈનનું પાલન કરીને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા જાહેર કરવામાં આવેલી ગાઈડલાઈન અનુસાર, સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ડોર ટૂ ડોર પ્રચાર માટે માત્ર ૫ વ્યક્તિઓને જ મંજૂરી આપવામાં આવી છે. જયારે શક્ય હોય, ત્યાં સુધી ડિજિટલી અભિયાન કરવા સૂચન કરવામાં આવ્યું છે. જયારે માસ્ક પહેરવા અને સોશિયલ ડિસ્ટન્સ જેવા નિયમોનું પાલન કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

આ સિવાય કોરોના સંક્રમિત ઉમેદવારે ઓનલાઈન ડિજિટલી પ્રચાર કરવાનો રહેશે. આ માટે નોડલ અધિકારીઓને સમગ્ર કોવિડ ગાઈડલાઈનનું પાલન કરાવવાની જવાબદારી સોંપવામાં આવી છે. જણાવી દઈએ કે, રાજય ચૂંટણી પંચ તરફથી મહાનગર પાલિકા, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણીની તારીખો જાહેર કરી દેવામાં આવી છે. ૬ મહાનગર પાલિકા, ૮૧ નગર પાલિકા, ૩૧ જિલ્લા પંચાયત અને ૨૩૧ તાલુકા પંચાયતો માટે ફેબ્રુઆરીના અંતમાં બે તબક્કામાં ચૂંટણી થશે. આ સાથે જ રાજકીય પાર્ટીઓ પણ મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે.

વિવિધ પાર્ટીમાં ઉમેદવારોએ ટિકિટ મેળવવા માટે લોબિંગ શરૂ કરી દીધુ છે. ભલે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી હોય, પરંતુ સમગ્ર દેશની નજર ગુજરાતની આ ચૂંટણીઓ પર ટકેલી રહેશે. આ ચૂંટણી વર્ષ ૨૦૨૨માં આવનારી ગુજરાત વિધાનસભા ચૂંટણીની સેમીફાઈનલ માનવામાં આવી રહી છે.

આ વખતની ચૂંટણીમાં ભાજપની સાથે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી, નેશનલ કોંગ્રેસ પાર્ટી, અસદૂદિ ઓવૈસીની એઆઈએમઆઈએમ અને ભારતીય ટ્રાઈબલ પાર્ટી પણ ચૂંટણીના મેદાનમાં ઉતરી રહી છે. જેના કારણે આ ચૂંટણી રોમાંચક બની ગઈ છે.

## સોમનાથના દરિયામાં કાચની ટનલ મુકાશે, પ્રવાસીયો નિહાળી શકશે દરિયાઇ સૃષ્ટી

ગાંધીનગર,તા.૨૯

ગીર સોમનાથના યાત્રાધામ સોમનાથમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સરકાર અને ટ્રસ્ટ કટિબદ્ધ છે. ત્યારે હવે સોમનાથના દરિયામાં કાચની ટનલ મૂકવામાં આવશે તેવા એક સમાચાર સામે આવી રહ્યા છે. પ્રવાસીઓ માટે દરિયાઇ સૃષ્ટીને નિહાળવા માટે આ ટનલ બનાવાશે. ૩૦૦ કરોડના ખર્ચે પ્રવાસનને વેગ મળે તેવા પ્રોજેક્ટ હાથ ધરાયા છે. ત્રિવેણી દેહોત્સર્ગથી સમાકાઠે કેબલ બ્રિજ, વોટર સ્પોર્ટ્સ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધાઓ ઘાટ પણ કરવામાં આવશે. પાર્કિંગ ડોરમેટરી વચ્ચે થીમ આધારિત કેવ મ્યુઝિયમ બનશે. સોમનાથ ખાતે અધ્યતન બસ સ્ટેશન પણ તૈયાર કરાશે. અત્રે નોંધનીય છે કે, યાત્રાધામ સોમનાથમાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે સરકાર અને ટ્રસ્ટ નવા નવા પ્રયત્નો કરી રહ્યા છે. જેથી સોમનાથમાં કાચની ટનલથી દરિયાઇ જીવસૃષ્ટિ જોઇ શકાશે.

પ્રવાસીઓને આકર્ષવા આગામી સમયમાં ૩૦૦ કરોડથી વધુના કામો હાથ ધરાશે. ત્રિવેણી દેહોત્સર્ગથી સામાકાંઠે કેબલ બ્રિજ, વોટર સ્પોર્ટ્સ, રેસ્ટોરન્ટ સહિતની સુવિધાઓ સાથે ઘાટને સુશોભીત કરાશે. જેમાં પાર્કિંગ ડોરમેટરી વચ્ચે થીમ આધારિત કેવ મ્યુઝિયમ બનશે. આ સાથે સોમનાથ એસટી બસ સ્ટેન્ડનું રેલ્વે સ્ટેશન સામે સ્થળાંતર કરી ત્યાં નવું અદ્યતન બસ સ્ટેશન બનાવવામાં આવશે. સોમનાથમાં આઈઆઈટીએ ચિંધેલા સ્થળોએ પુરાતત્વ વિભાગનું નિરીક્ષણ ચાલું છે. ત્રિવેણીમાં સામાકાંઠે ઘાટ બનાવાશે. પીએમ મોદી ચેરમેન બન્યા બાદ નવા કામો માટેનો નિર્ણય બેઠકમાં જ લેવાયા છે.

# વૈયા નજીક ખેતરમાં રખોપું કરતા માતા-પુત્રીની નજીક દીપડો આવી ગયો પછી શું થયું વાંચો

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લીની ગીરીમાળાઓમાં વસવાટ કરતા દીપડાઓ માનવ વસાહત તરફ આંટા ફેરા મારતા લોકોમાં ફફડાટ ફેલાયો છે દસ દિવસ અગાઉ કુંભેરા પંથકમાં બે દિવસમાં બે બકરાનું મારણ કરનાર દીપડો ફરીથી વૈયા પંથકમાં જોવા મળતા લોકો ભયભીત બન્યા છે વૈયા નજીક આવેલ રામદેવ આશ્રમ નજીક આવેલા ખેતરમાં રખોપું કરતા અને ભર નીંદરમાં રહેલા માતા-પુત્રી નજીક દીપડો આવી પહોંચતાનો અણસાર આવી જતા માતા-પુત્રીએ લાઈટ પાડતા સામે દીપડો દેખાતા માતા-પુત્રી દીપડો હુમલો કરે તે પહેલા દોટ મૂકી નજીકમાં રહેલા ઘરમાં પહોંચી જીવ બચાવી લીધો હતો મહિલા દીપડાથી બચવા ખેતરમાં બે વાર તો પડી ગઈ હોવાનું જણાવ્યું હતું સ્થાનિકોએ બૂમાબૂમ કરતા દિપડો નાસી છૂટયો હતો. દીપડાનાં પગના નિશાન મળતા વનવિભાગે પાંજરૃં મુકવાની તજવીજ હાથ ધરી છે. સ્થાનિકોએ દિપડાને પકડવાની માંગણી કરી છે.

મેઘરજ તાલુકામાં જંગલ વિસ્તારો નજીક આવેલ ગામોમાં દીપડો દેખાવાની કેટલીયે વાર બૂમો ઉઠી હતી. બેડઝ વિસ્તારના જંગલમાં છેલ્લા દસ દિવસમાં બીજીવાર દીપડાએ દેખા દેતા આજુબાજુના વિસ્તારોમાં પણ દીપડાને લઈને ડર વ્યાપ્યો છે. ખેડૂતો રાત્રીના સમયે પોતાના ખેતરોમાં જતાં ડરી રહ્યાં છે ત્યારે દીપડો ઝડપથી પાંજરે પુરાય તેવી ગ્રામીણ લોકોની માંગ ઉઠી છે.વૈયા ગામ નજીક દીપડો જોવા મળતા લોકોએ આ અંગેની જાણ ફોરેસ્ટ વિભાગને કરતા વનવિભાગની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હતી અને સ્થળ ઉપર જઈ દીપડાના પંજાની તપાસ કરતાં પંજાના નીશાન દીપડાના હોવાનું જણાઈ આવ્યું હતું જે બાબતે ફોરેસ્ટ વિભાગ સતર્ક થઈ પાંજરૂ મુકવાની તજવીજ હાથ ધરી હતી.

મેઘરજના જંગલ વિસ્તારમાં દીપડો ફરતો હોવાથી ગ્રામજનો પોતાના પશુઓને ઘરેથી ચરાવવા જવાનું ટાળી રહ્યા છે. તદુ ઉપરાંત એકલદોકલ ખેડૂતોને દીપડાનો ભય સતાવી રહ્યો છે. વનવિભાગ દ્વારા પાંજરૂ મૂકી દીપડાને પકડવા ગ્રામજનો માંગ કરી રહ્યા છે.

# ફિલ્ડ રિપોર્ટર્સના નવા વર્ષના હોદ્દેદારોની કરાઈ વરણી કરાઈ




બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર ખાતે સામાજિક દાયિત્વ નિભાવવાની નેમ સાથે ફિલ્ડમાં કાર્યરત પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાના જાગૃત પત્રકારમિત્રોના સંગઠન ×ફિલ્ડ રિપોર્ટર્સ×ની વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. જેમાં નવા વર્ષના હોદ્દેદારોની સર્વાનુમત્તે વરણી કરાઈ હતી. જેમાં પ્રમુખપદે પદે સ્થાપક પ્રમુખ સંજય જોશી અને મહામંત્રીપદે અલ્કેશ રાવની પુનઃ વરણી કરાઈ હતી.

ફિલ્ડ રિપોર્ટર્સ, પાલનપુરની સાધારણ સભા ૨૯મી જાન્યુઆરીએ પ્રમુખ સંજય જોશીના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. સભાની શરૂઆત વંદેમાતરમના ગાનથી કરાઈ હતી. પ્રારંભમાં સ્વાગત પ્રવચન મહામંત્રી અલ્કેશ રાવએ કર્યું હતું. પ્રમુખ સંજય જોશીએ વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો. બાદમાં કેક કાપીને સંગઠનના ૧૩ માં સ્થાપના દિનની ઉજવણી કરાઈ હતી.

સ્થાપનાદિનની ઉજવણી બાદ સંગઠન પર્વ સહ કન્વિનર અંકિત વ્યાસ દ્વારા નવા વર્ષના હોદ્દેદારોની વરણી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં સર્વાનુમત્તે ફિલ્ડ રિપોર્ટર્સનું સુકાન ફરીએક્વાર સ્થાપક પ્રમુખ સંજય જોશીને સોંપવાનો નિર્ણય લેવાયો હતો. જયારે ઉપપ્રમુખપદે રતન સાંગિયા અને મહામંત્રીપદે અલ્કેશ રાવ સહિતના હોદ્દેદારોની પુનઃ સર્વાનુમત્તે વરણી કરાઈ હતી.

# નાંદોદ તાલુકાના વીરપોર ત્રણ રસ્તા ઉપર મોટરસાયકલ અને ફોરવીલ ગાડી સાથે અકસ્માત નડતા બે ને ગંભીર ઇજા.




રાજપીપળા,તા. ૨૯

નાંદોદ તાલુકાના વિરપોર ત્રણ રસ્તા ઉપર મોટરસાયકલ અને ફોરવીલ ગાડી સાથે અકસ્માત નડતા બે ને ગંભીર ઈજા થવા પામી હતી.આ અંગે આમલેથા પોલીસ મથકમાં અકસ્માત ગુનાની ફરિયાદ નોંધાઈ છે. જેમાં ફરિયાદી અમિષાબેન રૂપેશભાઈ બચુભાઈ વસાવા (રહે, ગામકુવા) એ આરોપી મોટરસાયકલ નંબર જીજે ૨૨ ડી ૬૨૩૬ ના ચાલક વૈભવભાઈ વિજયભાઈ વસાવા (રહે, આમલેથા,નવીનગરી) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આ કામના આરોપી મોટરસાયકલ નંબર જીજે ૨૨ ડી ૬૨૩૬ ના ચાલક વૈભવભાઈએ પોતાની મોટરસાયકલ પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારતા હતા,ત્યારે આગળ ચાલતી ફોરવિલ ગાડીને ટક્કર મારી એકસીડન્ટ કરી દેતા,અમીષાબેન અને મોઢાના ભાગે તથા કપાળના ભાગે તથા સાહેદ શર્મિલાબેન કોમેશભાઈ વસાવા ને માથાના ભાગે તથા શરીરે નાનીમોટી ઈજાઓ પહોંચી હતી.આ અંગે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ : જ્યોતિ જગતાપ, રાજપીપળા

ન્યૂઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ મેમ્બરો ની છેલ્લે આપેલ વિષય (સોગઠું,ચોપાટ,ખેલ) પૈકી પાંચ ગદ્ય રચનાઓ આજે પ્રસિદ્ધ કરવામાં આવી છે.**

www.janfariyadnews.com

Email : prdpraval42@gmail.com

What's up calling : 9824653073

નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ (વડોદરા

NOG SS No :- 0022

વિષય : ચોસઠ

વિભાગ : ગદ્ય

પ્રકાર : વાર્તા

શીર્ષક : થોરનો કાંટો

હિરાલાલને? આશ્ચર્ય થયું કે અચાનક વિનોદ ગાયબ ક્યાં થઈ ગયો! પાછલા બે વર્ષમાં તેની એવી આદત પડી ગઈ હતી કે તેના વગર કંઈ સૂઝતું ન હતું. હવે ઈલેક્શન માથે હતું અને આવા સમયે વિનોદનું ગાયબ થવું હિરાલાલ માટે મુશ્કેલી ઊભી કરે તેવું હતું.

હિરાલાલ પાછલાં પચ્ચીસ વર્ષથી લેબર યુનિયનનાં અધ્યક્ષ હતાં.તેમની પેનલ હંમેશા જીતતી. આ વખતના ઇલેક્શનમાં પણ તેમની જીત ચોક્કસ હતી પણ વિનોદ વગર? તે જાણે અપંગ થઈ ગયા હતાં.

બે વર્ષ પહેલાં વખાનો માર્યો વિનોદ તેમની પાસે આવ્યો ત્યારે ડ્રાઇવર તરીકે નોકરીએ રાખ્યો પણ બે-ત્રણ મહિનામાં જ હિરાલાલને અંદાજો આવી ગયો કે વિનોદનો વધુ સારો ઉપયોગ થઈ શકે. એક દિવસ તેમનો સેક્રેટરી અચાનક ગાયબ થયો એટલે વિનોદને તેની જગ્યાએ નોકરીએ રાખી લીધો. વિનોદ તેમનાં દરેક કામનું ધ્યાન રાખતો અને ઘણીવાર તેમને પૂછ્યા વગર નિર્ણય પણ લઈ લેતો પણ એવી રીતે નામ હિરાલાલનું થાય. સિત્તેરની ઉંમરે પહોંચેલા હિરાલાલ માટે સહારો બની ગયો હતો.

આ વખતના ઇલેક્શનમાં તે વિનોદને પોતાની પેનલમાં સમાવીને ઊભો રાખવા માગતાં હતા જેથી સાળાને ટાળી શકાય, પણ વિનોદના ગાયબ થવાને લીધે નાછુટકે મૂર્ખ સાળાને ઊભો રાખવો પડ્યો.

સામેની પેનલની યાદી જોઈને હિરાલાલ આશ્ચર્યમાં પડી ગયા કારણ વિનોદ વિરોધી પેનલમાંથી ઊભો હતો. તે ચાહીને પણ તેને મળી ન શક્યા. તેમને પોતાના વિરુદ્ધ થતાં ખોટાં પ્રચાર વિશે પણ જાણવાં મળ્યું. બહારનાને નહી ઘરનાંને જ મહત્વ આપે છે. છેક પચ્ચીસ વર્ષે તેમનો રથ થોભી ગયો. તે હારી ગયા.

આશિર્વાદ લેવા આવેલા વિનોદે કહ્યું,"બાબુજી, હું માખનલાલનો પૌત્ર છું. યાદ છે માખનલાલ?"

તે નામ સાંભળતા જ પોતાની ભૂતકાળની કરતૂતો યાદ આવી ગઈ. પોતે થોર વાવ્યો હતો તો ભાગમાં કાંટા જ આવે ને, એમ વિચારીને પોતાના ઊપર હસ્યા. વિનોદને આશીર્વાદ આપતાં કહ્યું,"આ તેં કરેલી છેલ્લી રમત હોય એનું ધ્યાન રાખજે, નહીંતર મારી ઉંમરે પહોંચીશ ત્યારે કોઈ બીજો વિનોદ તને ખસેડી દેશે. લોકોનાં કામ કરજે."

જ્યોતિન્દ્ર દિનેશચંદ્ર મહેતા, પાલઘર

---

NOG SS NO : 0038

વિભાગ :- ગદ્ય

શીર્ષક :- ભ્રષ્ટાચાર

કનું ખેતરનાં છેડે બેસીને કલબલ કરતાં પંખીને જોઈ રહ્યો હતો. કનુને જોઇને ત્યાંથી પસાર થતાં કનુના બે દોસ્ત વાતો કરી રહ્યાં હતાં કે ,"સારું થયું આપણે ના ભણ્યા નહિ તો કનુની જેમ આપણે પણ મગજ ઉપરનો કાબુ ખોઈ દેતા."

બિચારો કનુ બાપ વિનાનો ..મા ને મહેનત કરતી જોઇને રમવા પણ ના જાય ને બાળપણથી ભણીને કઈક બનવાનું નક્કી કરીને ખૂબ મહેનત કરતો.

કોલેજમાં સારા ગુણ સાથે પાસ થઈને નોકરીની શોધમાં લાગી ગયો. જ્યાં જાય ત્યાં કઈ ને કંઈ કારણે સરકારી નોકરીમાં રહી જાય. એક જગ્યાએ એનાથી પાછળ નંબરવાળાને નોકરી મળતા કનુને જાણવા મળ્યું કે બે લાખ રૂપિયા ખવડાવ્યા સાહેબને ત્યારે પેલાને નોકરી મળી.

કનુ બહુ વિચારશીલ સ્વભાવનો વિચારવા લાગ્યો બે લાખ તો દૂર હું બે હજાર પણ ના આપી શકું.ભ્રષ્ટાચાર કેટલી હદ સુધી ચાલે છે એ વિચારી કનુ દુઃખી થઈ જતો.

આમ ને આમ નોકરી માટે ઠોકર ખાતો કનુ રાત્રે ઊંઘે પણ નહિ ને દિવસે ને દિવસે એના મગજ ઉપરનો કાબૂ ગુમાવતો ગયો.ભ્રષ્ટાચાર જેવા દૂષણ સામે કનુ હારી ગયો.

મા પણ દીકરાની આવી હાલત જોઈ વધુ જીવી ના શકી.

ભ્રષ્ટાચારના દાવાનળમાં કનુની જિંદગી હોમાઈ ગઈ. આજે પાગલ બની આખા ગામમાં બીચારો બની ભટકે છે. આવી તો કેટલાયની જિંદગી આ ભ્રષ્ટાચારરૂપી દાનવ ભરખી ગયો હશે.

શીલા પટેલ "આકાંક્ષા"ગાંધીનગર.

---

ન્યુઝ ઓફ ગાંધીનગર

વિષય : જુગાર,દાવ

શીર્ષક : જુગાર કે જુગાડ

પ્રકાર : ગદ્ય (લેખ)

NG 0052

જુગારી જેમ હારે તેમ બમણો દાવ રમે છે.આ રમત રમનારા ક્યારેય ફાવ્યાં તો નથી જ.તે પ્રકારની મૂર્ખામી જાણવાં છતાં વારંવાર કરે છે અને તેમાને તેમાં જે હોય તેમાંનું બધું સર્વસ્વ ખોઈ નાંખે છે.એક પ્રકારનું વ્યસન જ તો છે આ જુગાર.

જુગાર ખેલ ઘણો પેચીદો છે,તેમાં સફળતા પણ અને નિષ્ફળતા પણ સામેલ છે.જો કે હાલનું જીવન ધોરણ જુગાર નહી પણ જુગાડ કરવા જેવું જરૂર કહી શકાય.

નવાં નવાં સાહસ ખેડી સફળતાં માટે પરિશ્રમ કરનારાં માટે આ ખેલ/રમત માત્ર હાર-જીત જ નહી નવાં અનુભવ,નવા વિકલ્પો, તેમજ આવનારા ભવિષ્ય માટેની પગદંડી સમાન સાબિત થાય છે જેનો ઈતિહાસ સાક્ષી રહ્યો છે.

જુગાડ કરવો અને જુગાર રમવો બન્ને તેમની જગ્યા પર અલગ સ્થાન ધરાવે છે.જુગાર રમવાથી ઘર,પરિવાર,રાજપાટ બધું ખોવાનો વારો આવે છે જે આપણે મહાભારત જેવા ગ્રંથમાંથી શીખી ચૂક્યાં છે.

અહીં જુગાડ કરવો તે શબ્દની વ્યાખ્યા શું હોઈ શકે?

માની લો કે...કોઈ કામ અટકી પડયું હોય,તમારી પાસે કોઈ રસ્તો શેષ બચ્યો ન હોય,તેવાં સમયે ઈશ્વર પર શ્રદ્ધા રાખી,એક ઉંડા શ્વાસ સાથે પોતાની સૂઝબૂઝથી મન અને હૃદયનાં કહેવા અનુસાર વર્તવું અને તે પછી જે પરીણામ આવે તેની આતુરતાપૂર્વક રાહ જોવી.

કટોકટી સમયે કરવામાં આવતો જુગાડ કયાંતો તમારી નૈયા પાર લગાવે ક્યાંતો ડૂબાડે છે.મેચ જીતવા માટે આખરી ઓવરોમાં ખેલાડી તરફથી અપનાવવામાં આવતો અભિગમ જ જોઈ લ્યો.તે પરીણામ જીત હોઈ શકે કે હાર.

ઘણી નામચીન હસ્તિઓ આ ફોર્મ્યુલામાંથી પસાર થઈ આજે તેમની જગ્યા પર અવ્વલ પહોંચી છે.

એક સમયે જેનાં અવાજ અને કદ-કાઠી જોઈને ફિલ્મ ઈન્ડસ્ટ્રીએ નકારી કાઢેલા કલાકારને આજે આપણે મિલેનિયમ સુપરસ્ટાર તરીકે ઓળખી શકયા છીએ,તેમની અદાકારી ને માણી શકયા હોય,તે બીજું કોઈ નહી પણ અમિતાભ બચ્ચન છે.

શરુઆતમાં થયેલી ટીકા,અવગણનાં ને જો ભૂતકાળમાં માની લીધી હોત તો,મહાનાયક મેળવી શક્યા હોત?

પરિસ્થિતિ સામે ઝઝૂમતી રહી આ નાયક પોતાની એક અલગ ઓળખ પ્રસ્થાપિત કરવામાં કામયાબ રહ્યાં તો તે પાછળ તેમનો જુગાડ કહીએ તેમાં બેમત હોઈ શકે જ નહી.

જીવનમાં જુગાર ન રમતાં જેને જુગાડ કર્યો છે,તે કાંઈક શીખ સાથે નવાં અનુભવોમાંથી પાકટ જરૂર બન્યો હશે અથવા ઘડાયો હશે તેમ કહીએ તો પણ અતિશયોકિત નથી.

સંજય તરબદા "સાંજ" વડોદરા

NOG SS No : 0 071

વિષય : ખેલ

વિભાગ :ગદ્ય

શીર્ષક : છળ

અવની તું આ શું કરી રહી છે? તું રૂબીનાને છેતરી રહી છે, જો તો ખરી જરા,૪ વર્ષ પછી તે અચાનક રૂબીનાનો સંપર્ક કર્યો તો ય રૂબીનાએ જરાય શક નથી કર્યો તારા પર, અને આજે રૂબરૂ પણ તું અચાનક પહેલેથી જાણ કર્યા વગર જ મળી તો ય કેટલી ઉમળકાભેર તને ભેટી પડી...! બીજાની વાતમાં આવીને તું તારી જ હ્રીજં ફ્રેન્ડ સાથે છળ કરી રહી છે? અવનીનું અંતરમન જાણે એને ધિક્કારી રહ્યું હતું.

અવની અને રૂબીના કોલેજમાં સાથે હતાં, કોલેજ પૂરી થતાં છુટા પડ્યાં બાદ પંખુડીએ એકવાર સમાચાર આપ્યા કે રૂબીનાને સિરાજ સાથે અફેર છે, સાંભળીને જોરદાર ઝાટકો લાગ્યો અવનીને, કારણ રૂબીના અને તે હ્રીજં ફ્રેન્ડ હતાં, છતાં આવી કોઈ વાતની તેને જાણ ના હતી અને પંખુડી ને આ વાત ખબર કેવી રીતે પડી? બસ પછી તો અવનીએ જ વાતચીત બંધ કરી દીધી હતી, અને રૂબીના પણ વ્યસ્તતામાં આ ફેર જોઈ ન શકી, થોડા જ સમયમાં રૂબીનાનાં લગ્ન માબાપની મંજૂરીથી તેની જ જ્ઞાતિનાં સોહેલ સાથે થઈ ગયાં,લગ્નમાં ખાસ આમંત્રણ આપ્યું હોવા છતાં અવની ના આવતા રૂબીનાને દુઃખ જરૂર થયું, પણ સાસરે આવતા નવા ઘર, નવા માહોલમાં તે બધું ભૂલી ગઈ. આ વાતને ચાર વર્ષ વીતી ગયા, ગયા મહિને સિરાજે પણ અચાનક જ અવનીનો સંપર્ક કર્યો અને રીતસર આજીજી કરવા લાગ્યો કે એકવાર એની રૂબીના સાથે વાત કરાવી આપે અવની, લગ્ન પછી પણ રૂબીના સાથે એને સંબંધ હતો પણ છેલ્લા છ મહિનાથી રૂબીનાએ બોલવાનું સાવ બંધ કર્યું છે અને તેને બધી જગ્યાએ બ્લોક કર્યો છે, એકવાર સંબંધ તોડવાનું કારણ બતાવી દયે પછી એ ક્યારેય રૂબીનાને હેરાન નહિ કરે. ચાર વર્ષથી પોતે જ સંબંધ નોહતો રાખ્યો એટલે હવે કઈરીતે ફરી શરું કરવો એની અવઢવમાં અવની પાસા ગોઠવવાં લાગી, સિરાજ પાસેથી શક્ય એટલી વાત કઢાવી હતી, અને હવે રૂબીનાને વાતોની માયાજાળમાં ગુંચવાવીને કઈ રીતે આ બધી વાત જાણવી એ પ્યાદા ગોઠવવાં લાગી અવની.

પોતાની શતરંજની પહેલી ચાલમાં તે અચાનક રૂબીનાની ઘરે જઈ ચડી, પણ ત્યાં જઈને જોયું તો રૂબીના એના સંસારમાં ખૂબ ખુશ લાગી, ખૂબ હેતથી એ મળી અને એની સાસરિવાળા એ પણ ખૂબ સારો આવકાર આપ્યો એને, તેથી જ ત્યાંથી નીકળી તો એનું જ મન એને ધિક્કારી રહ્યું હતું

પારૂલ ઠક્કર "યાદ" ભાવનગર

NOG SS NO-0031

વિભાગ-ગદ્ય

વિષય-ખેલ

શીર્ષક-અનંત પ્રેમ

નિશા પર નિરવનો પ્રેમ અનંત આકાશની જેમ છવાઇ ગયેલો હતો.તે હંમેશા એવું જ વિચારતી કે જેમ આ આકાશનો કોઇ અંત નથી તેમ અમારા પ્રેમનો પણ ક્યારેય અંત નહીં આવે. છેલ્લા બે વર્ષથી નિશા અને નિરવ દિવસના ચારેક કલાક તો સાથે જ વિતાવતાં અને જોડે ન હોય ત્યારે ફોનમાં કે મેસેજ દ્વારા તેમની વાતો ચાલુ જ રહેતી.બન્ને વાતોમાં તેમના લગ્નજીવન પછીના સપનાં સજાવતાં રહેતા.નિશા તો નિરવના પોતાના જીવનમાં આવતાં જ દુનિયા ભૂલી ગઇ હતી.હંમેશા તેનામાં જ ખોવાયેલી રહેતી.નિરવનું પણ એવું જ હતું. પરંતુ છેલ્લા ત્રણ ચાર મહિનાથી નિરવે નિશાને મળવાનું અને ફોન કે મેસેજ કરવાનું ઓછું કરી નાખ્યું હતું.નિશા આ બાબત નિરવને પૂછતી તો એ કહેતો, "જાનુ હવે થોડા સમયમાં જ આપણે લગ્ન કરી લેવા છે. માટે અત્યારે હું મારા કામમાં ધ્યાન દઇ સારી કમાણી કરી લઉ જેથી લગ્ન પછી આપણે થોડો સમય એકબીજા સાથે સારી રીતે પસાર કરી શકીએ."

નિશાને નિરવની આ વાત એકદમ યોગ્ય લાગી.પોતે પણ લગ્ન માટેની તૈયારીઓ? કરવા લાગી.

એક દિવસ નિશા ખુલ્લી આંખે ભવિષ્યનાં મીઠાંસ સપનાં જોઇ રહી હતી ત્યાં જ નિરવનો ફોન આવ્યો.ફોનમાં નિરવનું નામ ફ્લેશ થતાં જ તેનું દિલ બાગ બાગ થઈ ઉઠ્યું.તેણે તરત જ ફોન ઉઠાવ્યો અને નિરવ જોડે વાત થતાં જ એની ખુશીનો પાર ન રહ્યો.કેમકે નિરવે આજે એક ખાસ વાત કહેવા તેને મળવા બોલાવી હતી.નિશાને એ ખાસ વાત પોતાના લગ્ન માટેની? જ હશે એ ખ્યાલ આવી ગયેલ.સાંજે એ સજી ધજીને એ જ કાફે પર ગઇ જ્યાં એ અને નિરવ કાયમ મળતાં.તે પહોંચી ત્યારે નિરવ તેની રાહ જોઈ રહ્યો હતો.બન્ને વચ્ચે ઔપચારિક વાતચીત થઇ. નિશાએ કહ્યું કે "નિરવ હવે તો કહે કે એ કઇ ખાસ વાત છે જેના માટે આપણે મળ્યાં છીએ."આ સાંભળતા જ નિરવે પોતાના લગ્નની? કંકોત્રી નિશાનાં હાથમાં? મૂકી અને કહ્યું લગ્નમાં જરૂરથી આવજે.

કંકોત્રી વાંચતા જ નિશા આંખમાં આંસુની સાથે ફક્ત એટલું જ બોલી શકી"શું આપણો પ્રેમ તારા પ્રત્યે ની મારી અસહ્ય લાગણી એ બધું તારા માટે એક ખેલ એટલે કે એક રમત માત્ર હતી.તે મારી લાગણીઓનો જરા પણ વિચાર ન કર્યો?" અને નિશાએ ઉપર જોયું તો તેની સામેથી નિરવ ચાલ્યો ગયો હતો અને એ એકલી જ રહી ગઇ હતી.

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

# મહાત્મા ગાંધી નિર્વાણ દિને સત્યાગ્રહી પરિવાર દ્વારા આયોજીત શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા સૌને ભાવભીનું નિમંત્રણ


તારીખ : ૩૦ જાન્યુઆરી, શનિવાર, આવતીકાલ... સમય : સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦...

સ્થળ : સાબરમતી આશ્રમ, અમદાવાદ...

(૧) ચીનની સરહદે શહીદ થયેલા બિહાર રેજીમેન્ટના ૨૦ નિઃશસ્ત્ર ભારતીય જવાનો...

(૨) કોરોનાની વૈશ્વિક મહામારીમાં કર્તવ્ય પાલન કરતાં કરતાં મોતને વહાલું કરનારા પોલિસ જવાનો - પત્રકારો - ડૉક્ટર્સ - નર્સિંગ સ્ટાફ - સફાઇ કર્મચારીઓ... તેમજ

(૩) કૃષિબિલનો શાંતિપૂર્ણ વિરોધ કરતાં કરતાં મૃત્યુ પામેલા




૬૦ ખેડૂતો...

આ સૌ શહીદો, કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓ અને ધરતીપુત્રોને હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી, સદગત આત્માઓના સન્માન માટે બે મિનિટનું મૌન અને મોક્ષ માટે પ્રાર્થના - દુઆ અને વિશેષતઃ ભારતમાં સર્વપ્રથમ વાર 'સત્યાગ્રહી પરીવાર' દ્વારા મહામારી, તોફાનો, આંદોલનો, અથડામણો, અકસ્માતો, કામભારણ, કુદરતી આફતો સમયે ફરજો બજાવતાં - રિપોર્ટિંગ કરતાં એટલે કે ઑન ડ્યૂટી મૃત્યુ પામતા પોલીસો અને પત્રકારોને શહીદોનો દરજ્જો આપવાની માંગ સાથે વિનંતી કરતું પોસ્ટકાર્ડ ગુજરાત રાજયના સન્માનનીય રાજયપાલશ્રી - મુખ્યમંત્રીશ્રી અને ગૃહમંત્રીશ્રીને લખવાનું આયોજન કરેલ છે...

એકદમ સમયસર પધારવા વિનંતી...

ખાસ નોંધ : 'સત્યાગ્રહી પરીવાર'ના આદર્શો અને પધ્ધતિ મુજબ કોઈની નિંદા, ટીકા, વિરોધ, સૂત્રોચ્ચાર વિના મનના શુદ્ધ ભાવે શાંતિ અને અહિંસાના માર્ગે આપણે શાસકો પ્રત્યે રાગ - દ્વેષ - ઈર્ષ્યા - નિંદા વગર 'હૃદય પરીવર્તનનો પ્રયાસ' હાલ કોરોનાની સરકારી ગાઇડલાઇન મુજબ હિંમત હાર્યા વિના અવિરત કરતાં રહેવાનું છે... આ કાર્યક્રમમાં 'સત્યાગ્રહી પરિવાર'ના આચાર - વિચાર સાથે સહમત દરેક નાગરીકો નિરપેક્ષ ભાવે ભાગ લઈ શકે છે...

આયોજક - નિમંત્રક :

'સત્યાગ્રહી પરિવાર' વતી સંસ્થાપક : નિમિષ શાહ : ૯૨૨૭૫૧૯૮૭૫...

# રાજપીપળા દોલતબજારમાં આવેલી દુકાનના તાળા તૂટ્યા.

રાજપીપળા,તા. ૨૯

રાજપીપલા દોલતબજારમાં આવેલી દુકાનના તાળા કોઈ ચોર ઈસમોએ ધોળે દિવસે તોડી રોકડ રૂ.૧૬૯૦૦/- ની મતા ની ચોરી કરી નાસી જતા અંગે રાજપીપલા પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાઈ છે. જેમાં દુકાનની અંદર ટેબલના ડ્રોવરમાં મૂકેલા રોકડા રૂ. ૧૬૯૦૦/- ની મત્તાની ચોરી ની ફરિયાદ નોંધાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે ફરિયાદી જીગ્નેશકુમાર હેમંતભાઈ શાહ (રહે,રાજપીપળા, લાલટાવર) એ અજાણ્યા ચોરી સામે ફરિયાદ કરી છે. જ્યોતિ જગતાપ, રાજપીપળા

## મોડાસા :વોર્ડ.નં.-૫ ના સ્થાનિકોની ચૂંટણી બહીષ્કારની ચીમકી, વોર્ડમાં ચાલતી ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ અચાનક બંધ કરી દેતા લોકોમાં આક્રોશ



અરવલ્લી બ્યુરો મોડાસા

સ્થાનીક સ્વરાજયની ચૂંટણીઓ માટે રાજકીય પક્ષો ઉમેદવારી પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથધરી છે બીજીબાજુ અરવલ્લી જીલ્લાના માલપુરના નવાઘરા અને મોડાસાના માલવણ ગામે પડતર માંગણીઓને લઈ ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચાર્યા બાદ મોડાસા શહેરમાં વોર્ડ.નં-૫ ના સ્થાનિકોએ તેમના વિસ્તારમાં ચાલી રહેલ ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ કામ કરતી એજન્સીએ સ્થાનીક ભાજપના એક નેતાના ઈશારે બંધ કર્યું હોવાના આક્ષેપ સાથે વાઘરીવાસના મતદારોએ ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ સત્વરે ચાલુ નહીં થાય તો ચૂંટણી બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે

મોડાસા શહેરના વાઘરીવાસમાં દર ચોમસામા પાણી ભરાય જવાની સમસ્યાથી લોકો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે વાઘરીવાસમાં ચોમાસામાં પાણી લોકોના ઘરોમાં ઘુસી જવાની સાથે પાણી ભરાઈ રહેતા અસહ્ય ગંદકીથી મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાનો ભોગ સ્થાનીકો વર્ષોથી બની રહ્યા છે આ વિસ્તારના રહિશો છેલ્લા ઘણા વર્ષો થી ભુગર્ભ ગટર યોજનો લાભ આપવા નગરપાલિકા તંત્રના સત્તાધીશો સમક્ષ અનેકવાર રજુઆત કરી હતી હાલ મોડાસા પાલિકા વિસ્તારમાં સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ.૧૩૮ કરોડના ખર્ચે ભુગર્ભ ગટર નું નિર્માણ થઈ રહ્યુ છે ત્યારે આ વિસ્તારમાં પણ કામ ની શરૂઆત કરી હતી .જોકે ભાજપના નેતાઓ એ ગટરનું કામ વિકાસ નો જશ ખાટવા માટે બંધ કરાવી દીધુ હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે ત્યારે સ્થાનીક લોકોમાં અચાનક ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ બંધ કરી દેવતા અને રોડ પર ખાડા ખોદી નાખી અધવચ્ચે છોડી દેતા ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોવાની સાથે સ્થાનિક રાજકીય હુંસાતુંસીના પગલે વર્ષો બાદ માંગણી માંડ સંતોષાઈ હતી અને તેમાં પણ રાજકારણ ઘૂસી જતા સ્થાનિકોએ ભૂગર્ભ ગટર યોજનાનું કામકાજ સત્વરે શરુ કરવામાં નહિ આવે તો આગામી સમયમાં યોજાનાર નગરપાલિકાની ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી હતી અને આગામી સમયમાં ગાંધીનગર સુધી રજુઆત કરવા સ્થાનિકોએ તૈયારી કરી લીધી હોવાનું જણાવ્યું હતું

## કામધેનુ ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા” અંગે રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા વેબીનાર યોજાશે

વિદ્યાર્થીઓ, યુવા પેઢી તેમજ અન્ય તમામ સુધી ગાયોના મહત્વને સમજાવવા માટે, રાષ્ટ્રીય કામધેનુ આયોગ “ કામધેનું ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા ” નું આયોજન કરવા જઈ રહ્યું છે. જેના માટે રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા રાષ્ટ્રીય વેબીનાર નું આયોજન કરવામા આવ્યું છે. તા.૨૯મી જાન્યુઆરી ૨૦૨૧, શુક્રવાર સાંજે ૬:૦૦ કલાકે ગૂગલ મીટ લીંક https://meet.google.com/aov-xugi-wkq પર યોજાનાર આ વેબીનારમાં રસ ધરાવતા સૌને આ ઓનલાઈન જોડાવા રાષ્ટ્રીય કામધેનુ આયોગ દ્વારા અપીલ કરાઈ છે. વેબીનાર અને ×“ કામધેનું ગૌ વિજ્ઞાન પ્રચાર પ્રસાર પરીક્ષા ” અંગે વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨૨૧૯૯૯, અમરકુમાર મો. ૯૮૯૮૪૫૭૭૫૭, સુનીલ કાનપરીયા મો.૯૭૨૪૦ ૬૬૫૧૧, તેજસ ચોટલીયા મો.૯૦૬૭૨૧૧૯૩૧ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

## ડિઝાસ્ટર દ્વારા આગ સલામતી, સાવચેતી માટે તાલીમનું આયોજન કલેક્ટર કચેરી માં કરાયું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

પાલનપુર કલેકટર ઓફિસના બગીચામાં આપત્તિ કેન્દ્ર વ્યવસ્થાપન દ્વારા શુક્રવારે આગ સલામતી અને સાવચેતી માટે ની તાલીમ આપવામાં આવી હતી.

પાલનપુર કલેકટર કચેરીમાં ગુજરાત રાજય આપત્તિ વ્યવસ્થાપન ગાંધીનગર અને બનાસકાંઠા કેલકટરના સૂચના મુજબ બનાસકાંઠા ડિઝાસ્ટર દ્વારા કલેકટર કચેરી ખાતે આગ સલામતી અને સાવચેત માટેની તાલીમ આપવામાં આવી હતી.તેમાં ઘરમાં સિલિન્ડરમાં આગ લાગી હોય તો કઈ રીતે આગને બુજવવી,કઈ રીતે પોતાનો બચાવ કરવો જેવી તાલીમ આપવામાં આવી હતી જેમાં કલેકટર કચેરીમાં, પ્રાઈવેટ બિલ્ડીંગમાં આગ લાગે તો તેની સામે ફાયર સેફટીના બાટલાનો કઈ રીતે ઉપયોગ કરવો જેની વિશેષ તાલીમ આપવામાં આવી હતી, જેમાં કેલકટર થતા આજુબાજુના અધિકારીઓ તાલીમ માં જોડાયા હતા

## શામળાજી નજીક હીટ એન્ડ રનની ઘટના

## લાલપુર નજીક ટ્રકે બાઈકને અડફેટે લેતા યુવકનું મોત, બાઈક ચાલક ગંભીર ઈજાગ્રસ્ત

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ટ્રાફિકના નિયમનો ઉલાળિયો કરી વાહનચાલકો બેફામ વાહન હંકારતા નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકોને અડફેટે લેતા જીવ ગુમાવવો પડી રહ્યો છે શામળાજી-મોડાસા રોડ પર લાલપુર ગામની સીમમાં હીટ એન્ડ રનની ઘટના સર્જાઈ હતી જેમાં અજાણ્યા ટ્રકે બાઈકને અડફેટે લેતા બાઈકનો કડૂચાલો વળી ગયો હતો બાઈક પાછળ બેઠેલ યુવકનું કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું બાઈક ચાલક યુવકના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો અકસ્માતના પગલે શામળાજી પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

શુક્રવારે સવારે ખોડંબા ગામના જગતભાઈ કોદરભાઈ બામણીયા અને સુરેશ છગનભાઈ તરાર બાઈક લઈ કામકાજ અર્થે નીકળ્યા હતા લાલપુર ગામની સીમમાંથી પસાર થતા સમયે યમદૂત બની આવેલા અજાણ્યા ટ્રકના ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક રોડ બાજુમાં ફંગોળાઈ ગઈ હતી બાઈક ચાલક જગતભાઈ અને પાછળ બેઠેલ સુરેશભાઈ બંને બાઈક પરથી ધડાકાભેર રોડ પર પટકાતાં સુરેશભાઈનું ઘટનાસ્થળે કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું બાઈક ચાલક જગતભાઈના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ

બાઈક ચાલક યુવકને સારવાર અર્થે દવાખાને ખસેડી દીધો હતો અકસ્માતની ઘટનાની જાણ મૃતક યુવાનના પરિવારજનોને થતા ઘટનાસ્થળે પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી અકસ્માતના પગલે શામળાજી પોલીસ દોડી આવી હતી

શામળાજી પોલીસે જશુભાઈ છગનભાઈ તરારની ફરિયાદના આધારે અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર ટ્રક ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં સોલા સાયન્સ સીટી ખાતે પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોની રમત-ગમત સ્પર્ધા યોજાઈ




સ્મિત ફાઉન્ડેશન દ્વારા અમદાવાદમાં સોલા સાયન્સ સીટી ખાતે પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોની રમત-ગમત(સ્પોર્ટ્સ) સ્પર્ધા યોજાઈ. જે લોકો જોઈ સકતા નથી (પ્રજ્ઞાચક્ષુ) દ્રષ્ટીહીન, બાળકો માટે સ્મિત ફાઉન્ડેશને (સ્પોટ્સ) સ્પર્ધાનું આયોજન કર્યું હતું. સ્મિત ફાઉન્ડેશનના ફાઉન્ડર જીત પારેખ વધુમાં જણાવતા આ સ્પર્ધામાં ભાગ લેવામાટે ૧૦૦ થી વધારે પ્રજ્ઞાચક્ષુ બાળકો ભાવનગર, સુરત, મહેસાણા, પોરબંદર, દેહગામ, પાલનપુર અલગ અલગ વિસ્તારમાંથી આવી પહોચ્યા હતા. અને તેમનો ઉત્સાહ પણ વધારે જોવા મળ્યો હતો. આ પ્રજ્ઞાચક્ષુ બાળકોમાં જોવાની-સાભળવાની એક દિવ્ય સકતી રહેલી છે તેથીજ વિરાટ કોહલી પણ ક્રિકેટ રમતી વખતે બોલના અવાજ થી સિક્સર કે રન નથી લઈ સકતા ત્યારે પ્રજ્ઞાચક્ષુ બાળકો બોલના આવાજ થી જ સિક્સરો મારે છે અને પોતાની અંદર રહેલું ટેલેન્ટ બહાર લાવે છે તેથી તેમને આગળ વધવામાં પ્રોત્સાહન મળી રહે તે માટે ક્રિકેટ, વોલીબોલ, કબ્બડી, મ્યુઝીકલ ચેરનું આયોજન કરવામાં આવ્યું હતું, અહી વિજેતા થનાર અલગ અલગ ટીમને ટ્રોફી અને મેડલ આપવામાં આવ્યા હતા, અહિયાં અતિથી શ્રી ડૉ.ઊર્મિલભાઈ શાહ(સીમ્સ હોસ્પિટલના ડાયરેક્ટ), શ્રી ડૉ.નીતિનભાઈ શાહ (BPA-મેડીકલ ડાયરેક્ટ), શ્રી વિનોદભાઈ દાદાલા (કાલુપુર બેંકના CEO), શ્રી રાજેન્દ્રસિંહ રાઠોડ(Entrepreneur), કેતનભાઈ પટેલ(વિવાનતા ગ્રુપ), શ્રી કરીમભાઈ લખાણી(શાહીનફાઉન્ડેશન), શ્રી સંજય ભાઈ ઝા, જગદીશભાઈ પટેલ(હર્મોની ગ્રુપ), શ્રી રમેશભાઈ જી પટેલ(સામાજિક કાર્યકર્તા). વગેરે મહાનુભાવો-મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા અને આ પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોની અને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

અહિયાં મહેમાનો સાથે બાળકોએ રાષ્ટ્રગાન સાથે રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી આ કોરોનાની મહામારી સમયે સામજિક અંતર રાખી-માસ્ક અને સેનેટાઈઝર સાથે કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનો અને બાળકોમાં રહેલી પ્રતિભા બહાર આવે તેમાટે સ્મિત ફાઉન્ડેશન તરફથી એક પ્રયત્ન કર્યો હતો.

## સોમનાથ મહાદેવને હવેથી કાયમી નર્મદાના નદીના પવિત્ર જળનો અભિષેક થશે



સોમનાથ મહાદેવને હવેથી કાયમી નર્મદાના નદીના પવિત્ર જળનો અભિષેક થશે. મહીપરીયોજના થકી નર્મદાનું પાણી સોમનાથ સુધી પહોંચતા આ શકયુ બન્યુ છે. દરરોજ ૩૦ લાખ લીટર નર્મદાનું પાણી સોમનાથ મંદિર ટ્રસ્ટને મળી રહેનાર હોવાનું જાણવા મળેલ છે. આ અંગે મંદિર ટ્રસ્ટના જીએમ વિજયસિંહ ચાવડાએ જણાવેલ કે, એક હજાર વર્ષ પૂર્વે કાવડીયા દ્વારા હરીદ્વારથી સોમનાથ ગંગાજળ લાવી મહાદેવનો અભિષેક થતો હતો. ૭૦ વર્ષ પૂર્વે સોમનાથ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સમગે ગંગાજળ મંગાવીને અભિષેકની પરંપરા નિભાવી હતી. પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે દેશ-વિદેશની મહત્વની નદીઓ અને મહાસાગરના જળથી મહાદેવનો અભિષેક કરાયો હતો. થોડા વર્ષો પહેલા ગુજરાતના પુર્વમુખ્યમંત્રી એવા ટ્રસ્ટી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળ દરમ્યાન શહેરના સીમાડાના ગ્રામ્ય વિસ્તાર સુધી મહીપરીયોજનાની ૩૦૦ કીમી લાંબી લાઈન નાંખી નર્મદાના નીર સોમનાથના આંગણા સુધી પહોંચાડવાની કામગીરી કરાવી હતી. આ યોજનાનો સંપ સોમનાથ નજીકના સોનારીયા ગામ પાસે કાર્યરત કરાયો હતો. આ સંપથી અઢી કીમીની નવી લાઈન સોમનાથ સાંનિધ?યે વેણેશ્વર મંદિર પાસેના સંપ સુધી ફીટ કરાવી નર્મદાના નીર પહોંચાડવાની કામગીરી પુરી કરાવવામાં આવી હતી. આ નર્મદાના નીર માટે ટ્રસ?ટ દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી ડીપોઝીટ ભરી કનેકશન પણ લીધુ છે. સોમનાથ ટ્રસ્ટને દરરોજ ૩૦ લાખ લીટર નર્મદાનું પાણી મળી રહેશે. હવેથી માં નર્મદા નદીના પવિત્ર જળથી સોમનાથ મહાદેવને દરરોજ અભિષેક થશે. જેથી સોનારીયા હેડવર્કથી નર્મદાનું જળ સોમનાથ પહોચ્યુ હતુ. ત્યારે ટ્રસ્ટના સેક્રેટર પી.કે.લ્હેરી, જીએમ વિજયસિંહ ચાવડાએ પાણી પુરવઠા બોર્ડના અધિકારીઓની હાજરીમાં પૂજાવિધિ કરી નર્મદા નીરને આવકાર્યા હતા. આ તકે નર્મદાના નીર મળતા થતા સોમનાથ તીર્થના વિકાસ માટે મહત્વની જરૂરીયાત પુર્ણ થઈ ગઈ છે.ફોટો સ્ટોરી કુશલ ભાઈ ભટ્ટ

## નર્મદાના ચીકદા ગામે આરોપીના ઘરમાં છુપાવેલું ગેરકાયદેસર દારૂ પકડાયો



રાજપીપળા,તા. ૨૯

નર્મદા જિલ્લાના ચીકદા ગામે આરોપીના ઘરમાં છુપાવેલું ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે દારૂના દેડીયાપાડા પોલીસે ઝડપી પાડ્યો હતો. આ અંગે દેડીયાપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદી અપોકો વિનેશભાઈ રેન્જાભાઈ દેડીયાપાડા પોલીસ આરોપી હનીફ રજાક મેમણ (રહે, સેલંબા), ગોનજીભાઈ કલ્પેશભાઈ વસાવા (રહે, ચીકદા) સામે ફરિયાદ કરી છે.

ફરિયાદની વિગત મુજબ આરોપી કલ્પેશભાઈ ગોનજીભાઈ વસાવા (રહે, ચીકદા,પટેલ ફળિયુ) ને પોતાના ઘરમાં ગેરકાયદેસર અને વગર પાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી દારૂ માઉન્ટેન ૬૦૦૦ સુપર સોંગ બિયર નંગ -૬૦ કિં. રૂ. ૬,૦૦૦/- તથા ગોવા સ્પીરિટ ઓફ સ્મૂથનેસ વ્હિસ્કીના પ્લાસ્ટિકના નંગ. ૨૪૭ કિં.રૂ.૨૦,૯૯૫/- મળી કુલ કિં. રૂ. ૨૬૯૯૫/- નો મુદ્દામાલ ઝડપી પાડયો હતો. રેડ દરમિયાન આરોપી ઘરે હાજર મળી આવેલ નહીં તેમજ આરોપી હનીફ રજાક મેમણે વિદેશી દારૂનો જથ્થો આરોપી કલ્પેશભાઈ ને પૂરો પાડી ગુનો કરતાં તેમની સામે કાર્યવાહી હાથ ધરી છે.

રિપોર્ટ: જ્યોતિ જગતાપ, રાજપીપળા

## રાજપીપળા કલેકટર કચેરીમા એક કેસ નોંધાતા ચકચાર

રાજપીપલા, તા ૨૯

નર્મદામા કોરોનાનાઆજે ૦૧ કેસ નોંધાયાછે. જેમા એક કેસ કલેકટર કચેરી રાજપીપળા મા અને બીજો એક કેસ શાગ બારા ના પાલડી ગામે એક કેસ નોંધાયો છે. આજદિન સુધીમા કોવીદમાથી ૮૬૬ અને કોવીદ કેર માથી ૮૮૪મળી કૂલ ૧૮૦૦ ને રજા આપી છે આજે આરટીપીસીઆર મા ૫૩ અને ટ્રૂનેટ મા ૦૧ અનેએન્ટીજન ટેસ્ટ ૧૨૩ મળી આજે કૂલ ૧૭૭ ટેસ્ટ સેમ્પલ ચકાશણી માટે વડોદરા મોકલ્યા છે આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૩૪૬૭૨વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના ૧૦ દરદીઓ, તાવના ૧૧દરદીઓ, ઝાડાના દરદીઓ ૧૫સહિત કુલ-૩૬જેટલા દરદીઓ ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૯૯૯૯૮૪ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૩૧૨૩ લોકોને વિતરણ કરાઈ છે.

તસવીર :જ્યોતિ જગતાપ , રાજપીપલા

## સ્થાનિક ચૂંટણીઓમાં ૨૫% ટિકિટો યુવાનોને ફાળવવા વંથલી તાલુકા યુવા ભાજપ પ્રમુખની માગણી




ગુજરાતમાં હાલ સ્થાનિક સ્વરાજય લેવલની ચૂંટણીઓ યોજવા અંગેની જાહેરાત થતાની સાથે જ સ્થાનિક ચૂંટણીઓ લડવા પોતાને ટિકીટ મળે તે માટે ઉમેદવારી કરવા લોકો લાઈનમાં જાડાઈ રહયા છે આ તકે નરેડી ગામના યુવા આગેવાન અને વંથલી તાલુકા યુવા ભાજપ પ્રમુખ મનોજભાઈ ઠુંમરે ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ ને એક પત્ર આ ચૂંટણીઓમાં ૨૫% યુવાનોને ટિકીટો આપવા માગણી કરી છે મનોજભાઈ એ જણાવ્યું છે કે આપના દ્વારા જણાવવામાં આવ્યું છે કે જેઓએ પેઈજ સમિતિ બનાવેલ હોય તેવા લોકોએજ ટિકીટ માગવી આ પેઈજ સમિતિ નું કામ મોટે ભાગે યુવા કાર્યકરોએ જ કર્યું હોય છે. માટે પંચાવન વર્ષથી વધારે ઉંમર ધરાવનારને ટિકીટ આપવામાં નહી આવે યુવાનો પક્ષના કાર્યકર તરીકે ૨૦-૨૫ વર્ષ ની ઉમરે જોડાતા હોય છે. તેમાં એક કે બે વખત પક્ષના પ્રમુખ કે મંત્રી તરીકે રહેતા હોય છે. અને ૪૫ વર્ષ સુધી મોરચામાં કામ કરતા હોય છે જો આ સમયે તેમને ટિકીટ આપવામાં ન આવે તો જનરલ પાંચ વર્ષ OBC, પાંચ વર્ષ એ.સી.,પાંચ વર્ષ એસ.ટી., પાંચ વર્ષ જનરલ એમ વીશ વર્ષ નો સમય જતો રહે છે. માટે આ ચૂંટણીઓમાં પચીસ ટકા યુવાનોને ટિકીટો આપવા ઠુંમરે માગણી સાથે કહયું છે કે આ યુવાનોને ચૂંટાઈને વડીલો સાથે કામ કરવાને લીધે તેનામાં અનુભવ પણ વધશે અને વિશ્રૃવમાં યુવા ભારત તરીકે નામ પણ વધારશે

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

## DYSP એ નિઃશુલ્ક કોચિંગ ક્લાસના વિદ્યાર્થીઓને પોલીસ અને લશ્કર માટે પ્રોત્સહીત

## અરવલ્લી SP એ આકરૂન્દ લાયબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષા માટે પુસ્તક ભેટ કર્યા



અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાના આગમન પછી જીલ્લામાં અસામાજિક પ્રવૃતિઓ પર બ્રેક લગાવવા કમરકસી છે ત્યારે જીલ્લા એસપી અને ડીવાયએસપીનો માનવીય અભિગમ પણ જોવા મળી રહ્યો છે અને જીલ્લા પોલીસતંત્રને પણ લોકો તેમજ ફરિયાદી સાથે સૌહાર્દય ભર્યું વર્તન કરવા તાકીદ કરી છે ધનસુરાના આકરૂન્દ ગામે વિદ્યાર્થીઓ અને સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે પરીક્ષાર્થીઓને પુસ્તક તેમજ શાંતિ પૂર્ણ માહોલ મળી રહે તેમજ વાંચન પ્રેમ પેદા થાય તે માટે અત્યાધુનિક લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે આ લાયબ્રેરીની મુલાકાત જીલ્લા પોલીસવડા સંજય ખરાતે લીધા બાદ લાઈબ્રેરીમાં સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા પરીક્ષાર્થીઓને મદદરૂપ થાય તેવા પુસ્તક ભેટ આપી ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું તેમજ મોડાસા શહેરમાં સીનીયર સીટીઝન સાથે સંવાદ કાર્યક્ર્મ યોજ્યો હતો

મેઘરજ ખાતે અનુસુચિત જનજાતી સમાજના યુવાન-યુવતીઓ પોલીસ,લશ્કર સહીત સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે નિઃશુલ્ક કોચીંગ ક્લાસનું આયોજન કરવામાં આવ્યું છે આ કોચીંગ ક્લાસની માહીતી જીલ્લા નાયબ પોલીસવડા ભરત બસીયાને મળતા મેઘરજ ખાતે ચાલતા નિઃશુલ્ક કોચીંગ ક્લાસની મુલાકાત લઈ તાલીમ લઈ રહેલા વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શન માટે પહોંચતા વિદ્યાર્થીઓમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો નિઃશુલ્ક કોચીંગ ક્લાસ ચલાવતા યુવાનોની સરાહના કરી હતી .અરવલ્લી જીલ્લા પોલીસવડા સંજય ખરાત અને ડીવાયએસપી ભરત બસીયાના આગમન પછી તેમના માર્ગદર્શન હેઠળ જીલ્લા પોલીસતંત્ર પ્રોહીબીશન અને જુગાર વરલી-મટકાના સ્ટેન્ડની બદી અટકાવામાં મહદંશે સફળ રહ્યું છે.

અપહરણ,ગુમ થયેલ અને વણઉકેલ્યા ગુન્હાનો ભેદ ઝડપથી ઉકેલી રહી હોવાની સાથે નાસતા ફરતા આરોપીઓને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી રહી છે કાયદાકીય સ્થીતી જાળવવાની સાથે સતત લોકઉપયોગી કાર્યો થી લોકોમાં પોલીસતંત્ર પ્રત્યે સન્માનમાં વધારો થયો છે

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.